RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 231, Dt.17-12-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ‘વન નેશન વન ઈલેક્શન’ બિલ લોકસભામાં રજૂ

## કેન્દ્રિય કાયદાપ્રધાન અર્જુન રામમેઘવાલે લોકસભામાં વિધેયક રજૂ કર્યું: ભારે હોબાળા વચ્ચે સરકારે જેપીસીને મોકલવા રજૂ કર્યો પ્રસ્તાવ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

નવન નેશન વન ઈલેક્શનથ બિલ આજે લોકસભામાં રજૂ કરવામાં આવશે, જેમાં લોકસભા, રાજ્ય વિધાનસભા અને નાગરિક ચૂંટણીઓ એકસાથે કરાવવાનો પ્રસ્તાવ છે. આ બિલને લઈને સરકાર અને વિપક્ષ વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. ભાજપે પોતાનાં સાંસદોને વ્હીપ જાહેર કર્યો છે, જ્યારે કોંગ્રેસ તેનો વિરોધ કરી રહી છે.

નવન નેશન વન ઈલેક્શનથ બિલ આજે લોકસભામાં રજૂ થવા જઈ રહ્યું છે, જેનાં માટે સરકારે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. કેન્દ્રીય કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલ લોકસભામાં બિલ રજૂ કરશે, અને પછી આ મુદ્દાને ઊંડાણપૂર્વક ચર્ચા કરવા માટે સંસદની સંયુક્ત સમિતિને મોકલવાનો પ્રયાસ કરશે.

ભાજપ અને કોંગ્રેસ બંનેએ તેમનાં સાંસદોને વ્હિપ જારી કર્યા છે, જેનાં કારણે સંસદમાં આ મુદ્દે હોબાળો થઈ શકે છે. આ બિલનો હેતુ લોકસભા, રાજ્ય વિધાનસભા અને નાગરિક ચૂંટણીઓ એકસાથે કરાવવાનો છે, જેથી ચૂંટણી પ્રક્રિયામાં સુમેળ સ્થાપિત થઈ શકે.

આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતમાં લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ એકસાથે યોજાય તે સુનિશ્ચિત કરવાનો છે. હાલમાં આ ચૂંટણીઓ જુદા જુદા સમયે યોજાય છે, જે ચૂંટણી પ્રક્રિયા અને ખર્ચ પર વધુ દબાણ લાવે છે. આ ફેરફારથી ચૂંટણી ખર્ચમાં ઘટાડો થશે અને સમય બચશે તેવી અપેક્ષા છે. સરકાર માને છે કે આનાથી ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અને સમાનતા આવશે.



સરકારે ૨૦૨૩ માં વન નેશન વન ઈલેક્શન માટે એક કમિટીની રચના કરી હતી, જેનું નેતૃત્વ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ કરી રહ્યાં હતાં. આ સમિતિએ ૭ દેશોનાં ચૂંટણી મોડલનો અભ્યાસ કર્યો હતો અને ભારતમાં તેને લાગું કરવા માટે ૫ મુખ્ય ભલામણો કરી હતી. જેમાં બે તબક્કામાં ચૂંટણી યોજવા, રાજ્ય વિધાનસભાઓનો કાર્યકાળ ૨૦૨૯ સુધી લંબાવવા અને એક જ મતદાર યાદી તૈયાર કરવાની ભલામણોનો સમાવેશ થાય છે.

આ બિલ પર ઉંડાણપૂર્વક ચર્ચા કર્યા બાદ તેને સંસદની સંયુક્ત સમિતિને મોકલી શકાય છે, જ્યાં વિવિધ પક્ષોનાં મંતવ્યો સાંભળવામાં આવશે. જો આ બિલને સંસદ દ્વારા મંજૂર કરવામાં આવે તો તે ભારતીય ચૂંટણી પ્રણાલીમાં ઐતિહાસિક પરિવર્તન સાબિત થઈ શકે છે. જો કે, તેનો વિરોધ કરી રહેલાં પક્ષો આ પરિવર્તનને લોકતાંત્રિક પ્રક્રિયાઓ માટે જોખમ તરીકે જોઈ રહ્યાં છે.

વન નેશન વન ઈલેક્શન બિલને લઈને સરકાર અને વિપક્ષ વચ્ચે સ્પષ્ટ મતભેદો છે. જ્યારે ભાજપ તેને ચૂંટણી પ્રક્રિયાને સરળ અને ઓછી ખર્ચાળ બનાવવાના માર્ગ તરીકે જુએ છે, કોંગ્રેસ અને અન્ય વિપક્ષી દળો તેનો વિરોધ કરી રહ્યાં છે.

કોંગ્રેસનું કહેવું છે કે આ પગલું સંઘીય માળખા અને સંસદીય લોકશાહીનાં સિદ્ધાંતોની વિરુદ્ધ છે. કોંગ્રેસનાં નેતાઓ આને બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર માને છે, જે રાજ્યની સ્વાયત્તતાને નબળી બનાવી શકે છે.

# ભાવનગર સોમનાથ હાઈવે પર ગમખ્વાર અકસ્માત : છ ના મોત


**મુખ્ય સમાચાર,ભાવનગર**

રાજયમા છેલ્લા ઘણા સમયથી અકસ્માતની ઘટનાઓ વધતી જાય છે. ત્યારે ભાવનગર – સોમનાથ હાઈવે પર આવેલા ત્રાપજ પાસે આજે વહેલી સવારે ત્રણેક વાગ્યે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમા લકઝરી બસ ડમ્પર પાછળ ઘુસી જતા બસની અડધી બાજુ ચીરાઈ ગઈ હતી અને કુલ ૬ વ્યકિતના મોત નિપજયા હતા. જયારે અકસ્માતની ઘટનામા ૨૨ જેટલા વ્યકિતઓ ઈજાગ્રસ્ત થયાનુ જાણવા મળી રહયુ છે. તેમજ અકસ્માતની ઘટનાથી પાંચથી વધુ ૧૦૮ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર તેમજ હોસ્પિટલે ઈજાગ્રસ્તોને ખસેડવામા આવ્યા હતા. તેમજ અકસ્માતની ઘટનામા પોલીસ કાફલો બનાવ સ્થળે પહોંચી ગયો હતો અને મૃતકોની ઓળખ મેળવી તેઓના પરિવારજનોને જાણ કરવામા આવતા શોક છવાઈ ગયો છે.

બનાવની મળતી વિગતો મુજબ આજે વહેલી સવારે ભાવનગર – સોમનાથ હાઈવે પર આવેલા ત્રાપજ ગામ નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમા સુરતથી રાજુલા તરફ જઈ રહેલી એપલ ટ્રાવેલ્સની લકઝરી બસને ત્રાપજ નજીક અકસ્માત નડયો હતો અને ત્રાપજ પાસે બંધ પડેલા ડમ્પર પાછળ ઘુસી જતા બસનો જમણી બાજુનો ભાગ ચીરાઈ ગયો હતો અને કુલ ૬ વ્યકિતના મૃત્યુ થયા હતા. જયારે બસમા સવાર ૨૨ જેટલા મુસાફરોને શરીરે નાની મોટી ઈજાઓ થતા દેકારો મચી ગયો હતો અને ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે નજીકના આરોગ્ય કેન્દ્ર તેમજ સરકારી હોસ્પિટલમા ખસેડવામા આવ્યા હતા.

ઘટનાની જાણ થતા પોલીસ કાફલો પણ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહોને નજીકની સરકારી હોસ્પિટલે ખસેડી તેમના પરિવારજનોને જાણ કરવામા આવી હતી. તેમજ અકસ્માતને પગલે બસનો એક સાઈડનો ભાગ બુકડો બોલી જતા બસમા ફસાયેલા મુસાફરોને મહામહેનતે બહાર કાઢી હોસ્પિટલે ખસેડવામા આવ્યા હતા.

તેમજ આ અકસ્માતમા ઘવાયેલા ૨૨ મુસાફરોમાથી ૯ મુસાફરો તળાજાની સદભાવના હોસ્પિટલમા, ૧૨ મુસાફરોને તળાજાના આરોગ્ય કેન્દ્રમા અને એકની હાલત ગંભીર હોય જેમને તળાજા પાસે આવેલી નિલકંઠ હોસ્પિટલમા સારવાર માટે ખસેડવામા આવ્યા હતા. આ ઘટનામા મૃતકોમા ૩ બાળકો અને ૧ મહિલાનો સમાવેશ થાય છે.





અકસ્માતની ઘટનામા હાઈવે પર લગભગ એકાદ કલાકનો ટ્રાફીકજામ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી ટ્રાફીક કલીયર કરાવ્યો હતો અને આ ગમખ્વાર અકસ્માતની ઘટનામા ગ્રામજનો અને આજુબાજુના વિસ્તારમા રહેતા આગેવાનો પણ લોકોની બચાવ કામગીરીમા કામે લાગ્યા હતા. આ ઘટનામા ભાવનગર પોલીસે ડમ્પરના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધવા તજવીજ શરૂ કરી છે. આ ઘટનામા પોલીસ સુત્રોમાથી જાણવા મળ્યુ હતુ કે ચાલકે ડમ્પર રસ્તામા રાખ્યુ હોય જેથી આવતા જતા વાહનોને અડચણરૂપ હોવાથી આ અકસ્માત સર્જાયો હતો. હવે ડમ્પરના ચાલક વિરૂધ્ધ શાપરાધ મન્યુષ્ય વધની કલમ હેઠળ ગુનો નોંધવાની કામગીરી હાથ ધરવામા આવી રહી છે.

# કેનેડામાં ટુડો સરકારને ઝટકો: નાયબ વડાપ્રધાનનું રાજીનામું

**મુખ્ય સમાચાર, ટોરંટો**

કેનેડામાં ચૂંટણી પહેલા વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોને મોટો ઝટકો લાગ્યો છે. દેશના નાણામંત્રી ક્રિસ્ટિયા ફ્રીલેન્ડે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે ટ્રુડો પર પણ પ્રહાર કર્યો અને તેમની યોજનાઓને રાજકીય ચાલ ગણાવી.

વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો સાથેના નીતિવિષયક અથડામણને કારણે નાણા પ્રધાન ક્રિસ્ટિયા ફ્રીલેન્ડે સોમવારે અચાનક જ રાજીનામું આપ્યું હતું. ખર્ચ વધારવાની ટ્રુડોની યોજનાઓથી તેણી ખુશ ન હતી અને તેને રાજકીય કાવતરા તરીકે ફગાવી દીધી હતી.

ફ્રીલેન્ડે સંસદમાં આર્થિક અપડેટ રજૂ કરવાના થોડા કલાકો પહેલાં જ રાજીનામું આપ્યું હતું. અપડેટથી એ જાહેર થવાની





અપેક્ષા છે કે ટ્રુડો સરકારે ૨૦૨૩/૨૪ના બજેટ માટે આયોજિત કરતાં વધુ ખાધ છે.

૫૬ વર્ષનાં ફ્રીલેન્ડ જેમણે નાયબ વડાપ્રધાન તરીકે પણ સેવા આપી હતી તેના રાજીનામાથી ચૂંટણી પહેલા ટ્રુડો પાસે કોઈ મુખ્ય કેબિનેટ સાથીદારો નથી રહ્યા ત્યારે આ વાત સૂચવે છે કે તેઓ ચૂંટણીમાં ખરાબ રીતે હારી જશે.

ફ્રીલેન્ડે ટ્રુડોને એક સંદેશમાં ટ્વિટર પર પોસ્ટ કર્યું જેમાં તેમણે લખ્યું, છેલ્લાં કેટલાંક સપ્તાહથી તમે અને હું કેનેડા માટે ભવિષ્યના સૌથી રસ્તા માટે અસમજંસમાં છીએ. અમેરિકામાં નવા ચુંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ઈનકમિંગ એડમિનિસ્ટ્રેશન તરફથી કેનેડિયન આયાત પર નવા ટેરિફની ધમકી એક ગંભીર ખતરો છે.છેલ્લા કેટલાક અઠવાડિયાથી, તમે અને હું કેનેડા માટે આગળના શ્રેષ્ઠ માર્ગ વિશે મતભેદો હતા.

# હવે ટ્રેનમાં એસી કલાસમાં સફર મોંઘી થશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

રેલવેનાં ખાનગીકરણને લઈને છેડાયેલી ચર્ચા વચ્ચે સમિતિએ રેલવેનાં પાયાનાં માળખામાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધારવાની ભલામણ કરી છે. સંસદના શિયાળુ સત્રમાં રેલવેની સંસદીય સમિતિએ રીપોર્ટ આવકમાં ખોટને ઓછી કરવા એસી શ્રેણીનાં ભાડાની સમીક્ષા કરવાની ભલામણ કરી છે.



સાથે સાથે એ પણ નિશ્ચિત કરવાનું કહેવામાં આવ્યું છે. સામાન્ય શ્રેણીની યાત્રા સસ્તી રહે. જો સરકાર સમિતિની વાત માને છે તો આવી શ્રેણી રેલવે ભાડામાં વધારો કરી શકે છે. ખરેખર તો ભાજપ સાંસદ સી.એમ.રમેશની અધ્યક્ષતાવાળી કમીટીએ ૨૦૨૪-૨૫ માટે બજેટ અનુમાનો પર ધ્યાન આપ્યું હતું.

જેમાં માલ પરિવહનમાં ૧.૮ લાખ કરોડ રૂપિયાની તુલનામાં યાત્રી ભાડા આવક ૮૦ હજાર કરોડ રૂપિયા થવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. સંસદીય સમિતિએ જણાવ્યુ છે કે જનરલ કલાસ ટ્રાવેલ સસ્તી થવી જોઈએ.

પણ ઓપરેટીક કોસ્ટ વધારવા અને નુકશાન ઓછુ કરવા માટે એસી કલાસનાં ભાડાની સમીક્ષા કરવી જોઈએ. આ ઉપરાંત રીપોર્ટમાં ભારતીય રેલવેને યાત્રી ટ્રેનોનાં ઓપરેશનલ ખર્ચાની સમીક્ષા કરવાનું પણ કહેવામાં આવ્યુ છે.

# નવા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના બજેટની તૈયારીનો ગાંધીનગરમાં ધમધમાટ

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

ગુજરાત સરકારના નવા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના બજેટની તૈયારીનો ગાંધીનગરમાં ધમધમાટ ચાલી રહ્યો છે. સચિવાલયમાં મંત્રીશ્રી કક્ષાએ અને નાણા વિભાગ સહિતના વિવિધ વિભાગોના અધિકારીઓની બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ગયા વર્ષ કરતા ૧૦ ટકા કે તેથી વધુ બજેટનું કદ વધશે. નવા બજેટના અમલના સમયગાળામાં ૪ રાજયભરમાં વર્ષ ૨૦૨૬ ના પ્રારંભે તાલુકા-જિલ્લા પંચાયતો તથા નગરો અને મહાનગરોની ચૂંટણી આવી રહી છે તે બાબત સરકાર બજેટના બનાવતી વખતે ધ્યાને લ્યે તે સ્વભાવિક છે. નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ વધુ એક વખત બજેટ રજૂ કરવાની તૈયારીમાં છે. બજેટ કદની દ્રષ્ટિએ અભૂતપૂર્વ બની રહે તેવા સંકેત છે.

રાજયના બજેટમાં સામાન્ય રીતે કૃષિ, શિક્ષણ અને આરોગ્યને સૌથી વધુ મહત્વ અપાતુ હોય છે તે પરંપરા જળવાઈ રહે તેવી શકયતા છે. સરકાર ખેડૂતો, મહિલાઓ, યુવાનો વેપાર-ઉદ્યોગકારો વગેરે માટે નવ યોજના જાહેર કરે તેવી શકયતા નકારાતી નથી. રાજયના બજેટમાં છેલ્લા ઘણા વર્ષોથી ધરખમ કરવેરા લાદવામાં આવ્યા નથી કે કોઈ બહુ મોટી રાહત આપવામાં આવી નથી. ગયા વર્ષે લોકસભાની ચૂંટણીને ધ્યાને રાખીને બજેટ સત્ર ત્રણ અઠવાડીયા વહેલુ તા. ૧ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવ્યુ હતું. આ વખતે બજેટ સત્ર ૧૫ ફેબ્રુઆરી આસપાસથી શરૂ થાય અને માર્ચ ઉતરાર્ધ સુધી ચાલી શકે તેવુ આધારભૂત વર્તુળોનું કહેવું છે. ગ્રામ પંચાયતો અને ૮૦ જેટલી નગરપાલિકાઓની ચૂંટણી જાન્યુઆરીમાં થવાની ધારણા છે.

વર્તમાન નાણાકીય વર્ષના બજેટનું કદ ૩ લાખ, ૩૨ હજાર, ૪૬૫ કરોડનું હતું. નવા બજેટનું કદ ચાલુ વર્ષ કરતા વધુ હશે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની વર્ષ ૨૦૨૬ ની ચૂંટણીઓને ધ્યાને રાખીને શહેરી અને ગ્રામીણ વિસ્તારો માટે આકર્ષક યોજનાઓ લાવવામાં આવશે. તેમ માનવામાં આવે છે. જુદા જુદા વિભાગો પાસેથી વર્તમાન નાણાકીય વર્ષની બજેટને લગતી થયેલ કામગીરી અને નવા નાણાકીય વર્ષ માટેની જરૂરીયાતની માહિતી માંગવામાં આવી છે.




અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં નાણામંત્રી તરીકે શ્રી કનુભાઈ દેસાઈ ૩ વખત બજેટ રજુ કરી ચૂકયા છે. હવે ફેબ્રુઆરીમાં ચોથી વખત બજેટ રજુ કરવાની તૈયારી કરી રહ્યા છે. રાજયમાં સૌથી વધુ ૧૮ વખત બજેટ રજુ કરવાનો વિક્રમ શ્રી વજુભાઈ વાળાના નામે છે. ફેબ્રુઆરીમાં રજુ થતા બજેટનો અમલ જે તે વર્ષની તા. ૧ લી એપ્રિલથી થવા પાત્ર હોય છે.

# ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં દર 10000 વસ્તી દીઠ ૭૬ બેડ

## કેરળ અને તામિલનાડુમાં ૧૨૭ અને ૧૧૩ બેડ સાથે ટોચ પર : ગુજરાતનું પાંચમુ સ્થાન

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

લોકસભામાં રજૂ કરવામાં આવેલાં ડેટા અનુસાર ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં દર ૧૦૦૦૦ વસ્તી દીઠ ૭૬ બેડ છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૬૭ બેડને વટાવી ગયો છે. ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીમાં રાજ્ય સરકાર સંચાલિત આરોગ્ય સુવિધાઓમાં ૪૬૨૩૭ બેડ હતાં. જે ૨૦૧૧ની વસ્તી ગણતરીના ડેટા પર આધારિત છે.

જે અનુસાર ગુજરાતમાં ૬.૦૪ કરોડની વસ્તી હતી. કેરળ અને તમિલનાડુ રાજ્યોમાં અનુક્રમે ૧૦૦૦૦ની વસ્તી દીઠ ૧૨૭ અને ૧૧૩ બેડ સાથે ટોચનાં રાજ્યોમાં છે.

મેડિકલ કોલેજ હોસ્પિટલો, જે એક તૃતીય આરોગ્ય સંભાળ પૂરી પાડે છે જે કુલ બેડના ૩૯ ટકાનો સૌથી મોટો હિસ્સો ધરાવે છે. સામુદાયિક આરોગ્ય કેન્દ્રોનો હિસ્સો ૨૪ ટકા છે જ્યારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનો હિસ્સો ૨૦ ટકા છે. જિલ્લા હોસ્પિટલોનો હિસ્સો અનુક્રમે ૧૦ ટકા અને પેટા જિલ્લા હોસ્પિટલનો હિસ્સો ૭ ટકા છે.

ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ્સ ધોરણો અનુસાર પીએચસીમાં ૨૦૦૦૦-૩૦૦૦૦ ની વસ્તી દીઠ છ ઈન્ડોર અથવા ઓબ્ઝર્વેશન બેડ હોવા જોઈએ. સીએચસીની ૩૦ બેડવાળી હોસ્પિટલો ૮૦૦૦૦-૧૨૦૦૦૦ લોકોને આવરી લે છે, પેટા જિલ્લા હોસ્પિટલો ૩૧-૧૦૦ બેડ સાથે એક લાખથી ૫ લાખ લોકોને આવરી લે છે. જિલ્લા હોસ્પિટલો ૧૦૦ થી ૫૦૦ બેડ સાથે ૩૦ લાખ સુધીની વસ્તીને આવરી લે છે.



જાહેર આરોગ્ય નિષ્ણાતે જણાવ્યું હતું કે નસ્ત્રકોવિડ પછી, રાજયમાં ઈન્ફ્રાસ્ટ્રકચર અને હોસ્પિટલની બેડોની સંખ્યામાં વધારો થયો છે. જો કે, સમયની જરૂરિયાત એ છે કે ગ્રામીણ આરોગ્યસંભાળ પ્રણાલીને મજબૂત કરવી જોઈએ. અમદાવાદ જેવાં શહેરોમાં એકંદરે બિન ચેપી રોગોમાં વધારો થયો છે, અને સમયસર અને સસ્તી સારવાર માટે સરકારી હોસ્પિટલો જરૂરી છે.

# દ્વારકા, પાલીતાણા, મોરબી સહિત ૧૧ શહેરોમાં ગ્રીનફિલ્ડ એરપોર્ટ બનશે

## બોટાદ, રાજુલા, ધોરડો, ધોળાવીરા, અંકલેશ્વર સહિતના અન્ય ૯ શહેરો માટે ટુંક સમયમાં ફીઝીબીલીટી અભ્યાસ શરૂ થશે

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

રાજયમાં હવાઈ નેટવર્ક વધારવાનો પ્રોજેકટ ફાસ્ટટ્રેક પર મુકીને દ્વારકા, વડનગર સહિત ગ્રીનફીલ્ડ એરપોર્ટની પ્રક્રિયા માટે આગામી બજેટમાં વધુ ફાળવણી કરવા ચક્રો ગતિમાન કરાયા છે.રાજય સરકારના સૂત્રોએ કહ્યુ કે દ્વારકા, વડનગર ઉપરાંત અંકલેશ્વર, મોરબી, રાજપીપળા, બોટાદ, ધોરડો, રાજુલા, દાહોદ, ધોળાવીરા તથા પાલીતાણામાં પણ ગ્રીનફિલ્ડ એરપોર્ટ બનાવવાની યોજના છે. ધાર્મિક, પ્રવાસ તથા અન્ય દષ્ટિએ આ શહેરોમાં પ્રવાસીઓની વધતી સંખ્યાને ધ્યાને રાખીને તેને હવાઈ નેટવર્કથી જોડવામાં આવશે. આગામી બજેટમાં ૩૦૦ કરોડની ફાળવણી કરવામાં આવે તેવી શકયતા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન એવા વડનગરની ઐતિહાસિક-પુરાતત્વીય લોકપ્રિયતા સતત વધી રહી છે. ઉપરાંત વિખ્યાત યાત્રાધામ અંબાજીનુ કનેકશન મળી શકે તેમ હોવાથી ત્યાં એરપોર્ટ પ્રોજેકટ નકકી કરવામાં આવી રહ્યો છે. તુર્તમાં પ્રોજેકટ પર કામ શરૂ થશે. સૂત્રોએ કહ્યું કે, દ્વારકા તથા વડનગર પાસેના સૂચિત એરપોર્ટ માટે પ્રાથમીક ફીઝીબીલીટી અભ્યાસ કરવામાં આવ્યો છે. વડનગર તથા અંબાજી નજીક જમીનની શોધખોળ કરવામાં આવી રહી છે. ઉતર ગુજરાતને મોટો લાભ થઈ શકે છે. આવતા મહિનાઓમાં જમીન સંપાદનની કાર્યવાહી શરૂ થશે.એક સીનીયર અધિકારીએ કહ્યું કે અન્ય ૯ એરપોર્ટ માટે પણ પ્રાથમીક ફીઝીબીલીટી અભ્યાસ તુર્તમાં શરૂ કરવામાં આવશે. આ વખતના તથા ભવિષ્યના બજેટમાં સૂચિત પ્રોજેકટો માટે સારી એવી નાણાકીય ફાળવણી પણ કરવામાં આવશે.આ ઉપરાંત સુરત, વડોદરા, ભાવનગર તથા પોરબંદરના એરપોર્ટના વિસ્તરણનો પ્રોજેકટ પણ હાથ ધરવામાં આવશે. આ તમામ એરપોર્ટ કોર્પોરેશન વિસ્તારમાં જ છે અને વિસ્તૃત વિસ્તરણ પ્રોજેકટ તૈયાર કરવામાં આવી રહ્યો છે.સુરતને લાગેવળગે છે ત્યાં સુધી એરપોર્ટ આસપાસની જમીન સંપાદીત કરાશે. સુરતમાં વિમાની પ્રવાસીઓ સતત વધી રહ્યા છે એટલે સુવિધા વધારવાની જરૂર છે. પોરબંદર, ભાવનગર તથા વડોદરા એરપોર્ટમાં પણ દાયકાઓથી ફેરફાર નથી એટલે બે વર્ષમાં વિસ્તરણ તથા આધુનિકીકરણ કરાશે.ગુજરાતમાં પ્રાદેશિક હવાઈ કનેકટીવીટી વધારવાના ટારગેટ સાથે રાજય સરકાર દ્વારા નવી ઉડ્ડયન નીતિ પણ બનાવવામાં આવશે. જેનો ઉદેશ રાજયના વિવિધ શહેરોને હવાઈ નેટવર્કથી જોડીને પ્રવાસન વિકસાવવાનો રહેશે.રાજયના નાગરિક ઉડ્ડયન વિભાગ તથા સંબંધીત વિભાગો દ્વારા નીતિ ઘડવાની કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી છે. ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવા ઉપરાંત રાજયના શહેરોમાં વિમાની સેવા શરૂ કરવા એરલાઈન્સોને પ્રોત્સાહન પણ આપવામાં આવશે.

વિમાન ઉપરાંત વિવિધ શહેરો વચ્ચે હેલીકોપ્ટર સેવા શરૂ કરવા પણ ચકાસણી કરવામાં આવી રહી છે. આ પ્રકારની સેવા ધરાવતા રાજયોનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.

# જામનગર જિલ્લાના સિકકા રેન્જ ફોરેસ્ટની ટીમે નોળિયાનો શિકાર કરતા બે શખ્સોને દબોચી લીધા



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાના સિકકા રેન્જ ફોરેસ્ટની ટીમે નોળિયાનો શિકાર કરતા બે શખસોને દબોચી લીધા.જામનગર જિલ્લાના સિકકા રેન્જ ફોરેસ્ટની ટીમે પેટ્રોલિંગ વેળાએ વાડીનાર વિસ્તારના જાખર કોઠા જંગલ વિસ્તારમાં ગેરકાયદે ઘુસી લોખંડનો ફાસલો ગોઠવી ભારતીય નોળિયાને ફાસલામાં ફસાવી શિકાર કરતા બે શખસોને દબોચી લીધા હતા. ફોરેસ્ટ ટીમે શિકારમાં ઉપયોગ લેવાયેલા બે ફાસલા અને બાઈક સહિત રૂા. ૫૧ હજારનો મુદામાલ કબજે કરી વન્ય જીવ સંરક્ષણ અધિનિયમની વિવિધ કલમના ભંગ મામલે બંને સામે વન્યજીવ અપરાધનો હેઠળ ગુનો નોંધ્યો હતો.જે બંને આરોપીને કોર્ટમાં રજુ કરીને એક દિવસના રીમાન્ડ મેળવી તપાસનો ધમધમાટ હાથ ધરાયો છે.સુત્રોમાંથી મળતી વિગત અનુસાર જામનગર મરીન નેશનલ પાર્કના મુખ્ય વન સંરક્ષક અને નાયબ વન સંરક્ષકના માર્ગદર્શન અને સૂચના અનુસંધાને વન્ય જીવ શિકારની પ્રવૃતિને અટકાવવા માટે સિકકા રેન્જ ફોરેસ્ટ અધિકારી પી.બી. કરમુરના નેતૃત્વમાં જુદી જુદી ટીમો વાડીનાર રાઉન્ડ વિસ્તારના જાખરકોઠા અનામત જંગલ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી.જે વેળાએ વાડીનાર વનપાલ હુશેનભાઈ ગાધની પેટ્રોલિંગ ટીમ દ્વારા જંગલ વિસ્તારમાં પ્રવેશી લોખંડનો ફાસલો ગોઠવી ભારતીય નોળિયાને ફાસલામાં ફસાવી શિકાર કરાયેલી હાલતમાં બે શખસોને પકડી પાડયા હતા.વાડીનાર રાઉન્ડ ફોરેસ્ટર દ્વારા ફરીયાદના આધારે પકડાયેલા દિનેશ સવજી પરમાર અને પરેશ ધીરૂભાઈ વાઘેલા સામે વન્ય સંરક્ષણ અધિનિયમની જુદી જુદી કલમો તેમજ કલમના ભંગ મામલે વન્યજીવ અપરાધનો ગુનો નોંધાયો હતો.જેની તપાસ સિકકા રેન્જ ફોરેસ્ટ અધિકારી પી.બી. કરમુરે હાથ ધરી છે. જે બંને શખસોને કોર્ટમાં રીમાન્ડની માંગણી સાથે રજુ કરાતા એક દિવસના રીમાન્ડ મંજુર થયા છે. આથી પુછપરછ સાથે તપાસનો ધમધમાટ આગળ ધપાવાયો છે.

# યુવતીને ફ્લેટ રહેવા આપી લગ્નની લાલચે દુષ્કર્મ, મહિલાને ઘરે ઢસડી જઈ દેહ ચૂથ્યો

## રેલનગરની મહિલાને પૂર્વ પ્રેમી જાહિદ જુણેજાએ બોલેરોમાં બહેનના ઘરે લઈ જઈ દુષ્કર્મ આચરી બેફામ માર માર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં નારી શક્તિ અસુરક્ષિત હોય તેમ પ્રતિદિન દુષ્કર્મના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે વધું બે શારીરિક શોષણના ગુના નોંધાયા છે. મૂળ જામખંભાળિયા પંથકની વતની અને અયોધ્યા ચોક પાસે રહેતી ૩૨ વર્ષીય યુવતીને પરિણીત ધર્મરાજસિંહ જાડેજાએ પત્ની સાથે છૂટાછેડા થઈ ગયાં બાદ તારી સાથે લગ્ન કરીશ કહીં ફ્લેટમાં અનેકવાર શરીરસુખ માણ્યું અને બાદમાં ફ્લેટમાંથી કાઢી મૂકી ફોન બંધ કરી દેતાં તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. જ્યારે રેલનગરની મહિલાને પૂર્વ પ્રેમી જાહિદ જુણેજાએ ધરારીથી બોલેરોમાં બહેનના ઘરે લઈ જઈ દુષ્કર્મ આચરી બેફામ મારમારતાં પ્ર.નગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા પોલીસે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં. બનાવ અંગે ૧૫૦ ફૂટ રીંગરોડ પર અયોધ્યા ચોક પાસે આવેલ એક એપાર્ટમેન્ટમાં રહેતી અને મૂળ જમખંભાળિયા પંથકની વતની ૩૨ વર્ષીય યુવતીએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ધર્મરાજસિંહ હેતુભા જાડેજા (રહે. શીતલપાર્ક) નું નામ આપતાં તાલુકા પોલીસે દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેણી ત્યાં છેલ્લા ત્રણેક મહીનાથી અને તે એપાર્ટમેન્ટમા છેલ્લા સાતેક વર્ષથી રહી ઘરકામ કરે છે. બે વર્ષ પહેલા તા.૧૬/૧૦/૨૦૨૨ થી ઈન્સ્ટાગ્રામ મારફત ધર્મરાજસિંહ જાડેજા સંપર્કમાં આવેલ હતો. બાદ બંન્ને વચ્ચે નંબરની આપ-લે થયેલ અને બન્ને વચ્ચે ફોનમા વાત ચિત શરૂ થયેલ હતી. તે દરમિયાન બન્ને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયેલ હતા. બન્ને અવાર નવાર એકબીજાને રૂબરૂ મળતા હતા. ત્યારે બન્નેની વાતચિત દરમ્યાન ધર્મરાજસિંહે કહેલ કે, તેમના લગ્ન થઈ ગયેલ છે. પરંતુ ત્યાથી તેમનુ છુટુ થઈ જશે ત્યારબાદ તે તેણી સાથે લગ્ન કરશે બાદમાં બન્ને અલગ અલગ જગ્યાએ દ્વારકા, કબરાઉ, સરધાર વગેરે સ્થળે ફરવા સાથે ગયેલ હતા.

આરોપીએ તેણી સાથે પાડેલા ફોટા તેણી પાસે છે. તેમણે કહેલ કે, જયા સુધી તેમનું છુટુ ન થઈ જાય ત્યા સુધી તેમના ફલેટમાં રહેવાનુ જણાવેલ હતું. જેથી તેણી ત્યા તેના ફલેટ નં ૩૦૨ માં રહેતી હતી. તે પણ મારી સાથે રહેતો હતો. તેણીને લગ્ન કરવાનુ કહી યુવતી ફ્લેટમા અનેકવાર શરીર સંબંધ બાંધેલ હતા. દરમ્યાન તેણીએ આરોપીને મકાન લેવા માટે રૂ. ૫ લાખ ગુગલ-પે થી આપેલ છે. બાદ બન્ને વચ્ચેના પ્રેમ સબંધ બાબતે આરોપીના ઘરે ખબર પડી જતા તેમણે તેણી સાથે સંબંધ ધીમે ધીમે ઓછો કરી નાખેલ હતો. છેલ્લે દોઢેક માસ પહેલા તા.૨૦/૧૦/૨૦૨૪ ના તેણી સાથે આરોપીએ ફ્લેટમાં શરીર સબંધ બાંધેલ હતો. બાદ તે અને તેના ઘરના સભ્યો ત્રણેક મહીના પહેલા તેણી જ્યાં આરોપીના ફ્લેટમાં રહે છે, તે ફ્લેટ ખાલી કરાવવા માટે આવેલ હતા, અને ફ્લેટ ખાલી કરવાનું કહેલ હતુ.ત્યારથી તેમણે તેણી સાથે સંબંધ પુરો કરી નાખેલ હતો. ફરીયાદી સાથે બે વર્ષ સુધી લગ્ન કરવાનુ કહી અવારનવાર શરીર સંબંધ બાંધી શારીરીક શોષણ કરેલ હતુ. હાલ તે તેણીના ફોન પણ ઉપાડતો નથી. જેથી કંટાળીને ફરીયાદ નોંધાવી હતી.

# મોરબીના રામધન આશ્રમ ખાતે ભવ્ય રામદેવ રામાયણ કથાનું આયોજન

## સંત રત્નેશ્વરીદેવી ગુરૂ મહંત ભાવેશ્વરીમા દ્વારા સંગીતમય કથાનું રસપાન કરાવશે

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના રામધન આશ્રમ ખાતે જય માતાજી ગુરૂકૃપા સેવા સમિતિ દ્વારા રામદેવ રામાયણ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. કથા ૨૪ ડિસેમ્બરથી શરૂ થઈ ૩૦ ડિસેમ્બર સુધી ચાલશે. કથાના વક્તા સંત શ્રી રત્નેશ્વરીદેવી ગુરૂ મહંતશ્રી ભાવેશ્વરીમા છે, જે ભક્તોને સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે.

મોરબીના રામધન આશ્રમ ખાતે જય માતાજી ગુરૂકૃપા સેવા સમિતિ દ્વારા ભવ્ય અને પાવન રામદેવ રામાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથા મંગળવાર, ૨૪ડિસેમ્બરના રોજ પ્રારંભ થશે અને સોમવાર, ૩૦ ડિસેમ્બરના રોજ વિરામ પામશે. આ સાથે કથાનો સમય સવારે: ૯ થી ૧૨ તથા બપોરે: ૨ થી ૫ વાગ્યા સુધી રહેશે. કથાના વક્તા સંત શ્રી રત્નેશ્વરીદેવી ગુરૂ મહંતશ્રી ભાવેશ્વરીમા છે, જે ભક્તોને સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે. કથા દરમિયાન અનેક પવિત્ર પ્રસંગોનું આયોજન કરવામાં આવશે, જેમાં સંતો-મહંતો, રાજકીય અને સામાજિક આગેવાનો, તથા વિભિન્ન મંડળો ઉપસ્થિત રહેશે. તા. ૨૬ ડિસેમ્બરને ગુરૂવારે ભક્તો માટે ચાર જુગનો પાટના દર્શન અને ભજન સંતવાણીના કાર્યક્રમનું આયોજન બપોરે ૨ થી ૬ વાગ્યા દરમિયાન રાખવામાં આવ્યું છે.



વધુમાં કથામાં આવતા પાવન પ્રસંગોમાં શ્રી રામ પ્રાગટ્ય અને શ્રીકૃષ્ણ નંદ મહોત્સવ-૨૫ ડિસેમ્બર (બુધવાર), શ્રી રામદેવજી પ્રાગટ્ય-૨૬ ડિસેમ્બર (ગુરૂવાર), ભૈરવ ઉધ્ધાર- ૨૭ડિસેમ્બર (શુક્રવાર), શ્રી રામદેવજી મહારાજના વિવાહ પ્રસંગ- ૨૮ ડિસેમ્બર (શનિવાર), પાટનો મહિમા અને ગતગંગાના ભક્તોની કથા ૨૯ ડિસેમ્બર (રવિવાર), કથા વિરામ- ૩૦ ડિસેમ્બર (સોમવાર)

આ સાથે જય માતાજી ગુરૂકૃપા સેવા સમિતિ દ્વારા આ ભવ્ય કથામાં ભાગ લેવા તેમજ કથા શ્રવણ માટે તમામ ભાવિક ભક્તોને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ફુડ શાખા દ્વારા હાપા માર્કેટિંગ યાર્ડ અને સુભાષ માર્કેટના વિક્રેતાઓને ત્યાંથી ફ્રૂટ અને શાકભાજીના નમૂના લેવાયા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડ, સુભાષ શાક માર્કેટ તેમજ રણજીત રોડ વિસ્તારમાં ઉભા રહેતા શાકભાજી અને ફ્રુટના વેપારી- ફેરિયાઓને ત્યાંથી જુદી-જુદી ૧૬૪ જેટલી ખાદ્ય સામગ્રીના સેમ્પલો લેવામાં આવ્યા છે અને પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલી અપાયા છે.


ફૂડ અને સેફટી વિભાગ ન્યુ દિલ્હીના નેશનલ એન્યુઅલ સર્વેલન્સ પ્લાન અંતર્ગત સમગ્ર રાજ્યમાં ફ્રેસ ફ્રૂટ્સ અને વેજીટેબલ ખાદ્ય ચીજોનું સ્પેશીયલ સર્વેલન્સ ડ્રાઈવ અંગે ગુજરાત રાજ્ય ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ફૂડ સેફ્ટી, ગાંધીનગરના આદેશ અને જામનગર મહાનગરપાલિકાના કમિશનર ડી.એન. મોદીની સુચના મુજબ ફૂડ સેફટી એન્ડ સ્ટાનડર્ડ એક્ટ-૨૦૦૬ અને તે અન્વયેના નિયમો હેઠળ સર્વેલન્સ ડ્રાઈવ નું આયોજન કરવામાં આવ્યું હતું.જેના અનુસંધાને જામનગર મહાનગરપાલિકાના ફૂડ સેફટી ઓફીસર દ્વારા માર્કેટ યાર્ડ હાપામાંથી ૧૩૮ વેજીટેબલના અને સુભાષ માર્કેટ.સટ્ટાબજારમાંથી ૨૬ ફ્રેશફ્રુટના નમુના લઈ પૃથ્થકરણ અર્થેથી રાજ્ય સરકાર દ્વારા એલોટેડ લેબોરેટરીમાં હેવી મેટલ તેમજ પ્રેસ્ટીસાઈડસ રેસીડ્યુંની તપાસ અર્થે અમદાવાદ લેબોરેટરી ખાતે મોકલવામાં આવેલા છે.આ ઉપરાંત જામનગર મહાનગરપાલિકાના એફ.એસ.ઓ.દ્વારા અલગ-અલગ વિસ્તારમાં આવેલ ફરસાણ ફાસ્ટફૂડ, હોટલ-રેસ્ટોરન્ટ માં એફ.એસ.ઓ. એ રૂબરૂ ઈન્સપેક્સન દરમિયાન સાફ સફાઈ અને સ્વછતા જાળવવી, હાઈજેનિક કંડીશન મેન્ટેન કરવી,ખાદ્ય પદાર્થ ઢાંકીને રાખવા, આજીનો મોટોનો ઉપયોગ ન કરવો, એપ્રોન કેપ-



ગ્લોઝ પહેરવા તેમજ ફ્રીઝની હાઈજેનિક કંડીશન મેન્ટેન કરવા, રસોડાની યોગ્ય સફાઈ કરવી, ફૂડ કલરનો ઉપયોગ ન કરવો, સમયસર પેસ્ટકંટ્રોલ કરાવી લેવા, પેઢીમાં કામ કરતાં કર્મચારીના ફીટનેશ સર્ટીફિકેટ કરવા વગેરે બાબત અંગે તાકીદ કરવામાં આવ્યા હતાં.ઉપરોક્ત ટીમ દ્વારા ૫૮ દિગ્વિજય પ્લોટમાં આવેલા અમદાવાદી પકવાન તેમજ સોનાલી ફરસાણ, ખોડીયાર કોલોનીમાં આવેલી હોટલ અનાયાબીકમ, સમર્પણ રોડ પર આવેલી હોટલ વિશાલ ઈન્ટરનેશનલ તેમજ ખોડિયાર કોલોનીમાં આવેલા પાપા લુઈઝ પિઝા પાર્લરમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું અને જરૂરી સુચના આપવામાં આવી હતી.

# જામનગરમાં મહાનગરપાલિકાની જન્મ-મરણ શાખામાં અધિકારીઓ ગાયબ

## ૧૦.૩૦ કલાકે ફરજ પર હાજર થવાને બદલે ૧૦.૪૫ કલાક સુધી કોઈ ફરકયું નહીં, કડક પગલાની માંગ



જામગનર મહાનગરપાલિકાની જન્મ-મરણના પ્રમાણપત્ર ઈસ્યુ કરતી શાખામાં સોમવારે અધિકારીઓ ગાયબ હોય અરજદારો ત્રાહિમામ પોકારી ગયા હતાં. ૧૦.૩૦ કલાકે ફરજ પર હાજર થવાને બદલે ૧૦.૪૫ કલાકે એકપણ અધિકારી આવ્યા ન હોય લોકોની કતારો લાગી હતી. આથી આ અધિકારી અને કર્મીઓને કોઈ કહેવાવાળું છે કે નહીં તે સળગતો સવાલ ઉઠ્યો છે. જામ્યુકોની જન્મ-મરણ શાખા છાશવારે વિવાદોમાં રહે છે. ત્યારે વધુ એક બેદરકારી પ્રકાશમાં આવી છે. મનપાની કચેરીમાં ફરજનો સમય સવારે ૧૦.૩૦ થી બપોરે ૧.૩૦ અને બપોરે ૨ થી સાંજે ૬.૧૦ કલાકનો છે. પરંતુ સોમવારે જન્મ-મરણના પ્રમાણપત્ર ઈસ્યુ કરતી શાખામાં ૧૦.૪૫ કલાક સુધી કોઈ અધિકારી કે કર્મચારી ન ફરકતા ખુરશીઓ ખાલી જોવા મળી હતી. જેના કારણે અરજદારો ત્રાહિમામ પોકારી ગયા હતાં.

# મોરબી નજીક હાઈવે ઉપર હિટ એન્ડ રનની ઘટનામાં બ્રેઝા કાર સવાર પરિવારને નડયો અકસ્માત

## ટ્રકે કારને જોરદાર ટક્કર મારતા કાર પલ્ટી મારી ગઈ, બે વ્યક્તિઓને ઈજા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી-રાજકોટ હાઈવે ઉપર નવી બનતી કોર્ટ બિલ્ડીંગ પાસે ગત મોડીરાત્રીના ટ્રક ચાલકે પોતાનો ટ્રક બેદરકારીપૂર્ણ ચલાવી ટીંબડી ગામ રહેતા પરિવારને કાર સહિત હડફેટે લીધા હતા, જેમાં ટ્રકે કારને સાઈડમાં ટક્કર મારતા કાર પલ્ટી મારી ગયી હતી, ત્યારે અકસ્માત સર્જી ટ્રક ચાલક પોતાનું વાહન લઈને ઘટના સ્થળેથી નાસી ગયો હતો. કાર સવાર પરિવારને આજુબાજુ એકઠા થયેલા સ્થાનિકોએ બહાર કાઢી સારવાર અર્થે મોરબી સરકારી હોસ્પિટલ ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સમાં પહોચાડ્યા હતા. ત્યારે ઈજાગ્રસ્ત કાર ચાલકે અકસ્માત સર્જી નાસી જનાર ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર મોરબીના ટીંબડી પાટીએ હરિ સોસાયટીમાં રહેતા અનિલભાઈ નવઘણભાઈ લીંબડીયા ઉ.વ.૩૧ ગત તા.૧૬/૧૨ના રોજ મોડીરાત્રીના ટંકારાથી મોરબી પોતાની બ્રેઝા કાર રજી.નં.જીજે-૦૩-એનપી-૫૫૧૦ લઈને પત્ની તથા બે દીકરીઓ સાથે આવતા હોય ત્યારે મોરબી રાજકોટ હાઈવે નવી બનતી કોર્ટ બિલ્ડીંગ સામે ડિવાઈડર સામે ટ્રક ચાલકે પોતાનો ટ્રક રજી.નં. જીજે-૩૬-વી-૬૪૪૬ પુરપાટ ગતિએ અને બેદરકારી રીતે ચલાવી બ્રેઝા કારને ડ્રાઈવર-સાઈડ જોરદાર ટક્કર મારી હતી, જેથી કાર પલ્ટી મારી ગયી હતી ત્યારે અકસ્માતની ઘટનાથી એકઠા થયેલા માણસોએ કાર સવાર પરિવારના ચારેય સભ્યોને પલ્ટી મારી ગયેલ કારમાંથી બહાર કાઢ્યા હતા, ત્યારે કાર ચાલક અનિલભાઈ અને તેમની પત્નીને ઈજાઓ પહોંચી હતી જેથી સારવાર અર્થે ૧૦૮ બોલાવતા ચારેયને સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

અકસ્માત સર્જી ટ્રક ચાલક પોતાનો ટ્રક લઈને નાસી ગયો હતો, ત્યારે બ્રેઝા કાર ચાલક ઈજાગ્રસ્ત અનિલભાઈ દ્વારા ટ્રક ચાલક વિરુદ્ધ હોસ્પિટલ ચોકી ખાતેથી ફરિયાદ નોંધાવતા એ ડિવિઝન પોલીસે અકસ્માત સર્જી નાસી ગયેલ ટ્રક ચાલક આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં ફેક્ટરીમાં રમતા-રમતા પાણીની કુંડીમાં પડી ગયેલ ૫ વર્ષીય બાળકીનું કરૂણ મૃત્યુ

મોરબીના પાવડીયાળી નજીક આવેલ સ્ટ્રોજન સીરામીકમાં રહેતા મૂળ મધ્યપ્રદેશના ખંડવા જીલ્લાના ગુડીખેડા ગામના રહેવાસી પરિવારની ૫ વર્ષીય પુત્રી પરીબેન અનિલ ભીલાલા ગઈ તા.૨૯/૧૦ના રોજ સ્ટ્રોજન કારખાનામાં રમતા રમતા પાણીની કુંડીમાં પડી ગઈ હતી, જે બનાવમાં માસુમ બાળકીનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે બાળકીના પરિવારજનો બાળકીની લાશ અંતિમ વિધિ કરવા માટે પોતાના વતન લઈ ગયા હતા, જેની જાણ કોઈપણ સ્થાનિક પોલીસને કર્યા વિના પોતાના વતનમા લઈ ગયેલ અને ત્યાં ડો. ગૌરવ રૈક્વાર , પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર , પીપલોદ , જી ખંડવા રાજ્ય એમ.પી.માં પી.એમ. કરાવેલ જે અંગે પીપલોદ પોલીસ મથકમાં જાણ કરાઈ હતી જેથી તમામ ખાતાકીય દસ્તાવેજી કાગળો મોરબી મોકલવામાં આવતા તાલુકા પોલીસ મથકમાં બાળકીના મૃત્યુ અંગે અ.મોતની નોંધ કરવામાં આવી છે.

# જામનગરમાં રસોઈ બનાવવા બાબતે પતિએ ઠપકો આપતા પત્નીએ ઝેર પી આત્મહત્યા કરી

મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના વતની અને હાલ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના રાજપર ગામમાં રહેતા ખેડૂતની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતી ૨૭ વર્ષની પરપ્રાંતિય શ્રમિક યુવતીએ પોતાના ઝુપડાની બહાર ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેણીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા બાદ તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પતિ મુકેશભાઈ મહોબતભાઈ અજનારે પોલીસને જાણ કરતાં પ્રોલ પોલીસે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહને કબજો સંભાળ્યો હતો, અને પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક યુવતીને રસોઈ બનાવવા બાબતે તેણીના પતિએ ઠપકો આપ્યો હતો, જેથી તેને માઠું લાગી આવતાં ઝેર પી લઈ મોતને મીઠું કરી લીધુ હોવાનું જાહેર થયું હતું. કાલાવડ તાલુકાના રણુજા ગામમાં રહીને ખેત મજૂરી કામ કરતી મૂળ મધ્ય પ્રદેશ ની વતની સુનિતાબેન રાકેશભાઈ ભાભોર નામની પરપ્રાંતિય શ્રમિક યુવતીએ ગઈકાલે પોતાની વાડીએ કપાસ છૂટવાની જંતુનાશક દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેણીને બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે કાલાવડની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં તબીબે તેણીનું મૃત્યુ નીપજયું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતકના પતિ રાકેશભાઈ કેસરસીંગભાઈ ભાભોરે પોલીસને જાણ કરતાં કાલાવડ ટાઉન પોલીસે બનાવના સ્થળે તેમજ સરકારી હોસિપિટલે પહોંચી જઈ, મૃતદેહને કબજો સંભાળ્યો છે, અને પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક યુવતી છેલ્લા કેટલાક સમયથી માનસિક બિમારીથી પીડાતી હતી, અને છેલ્લા ત્રણ દિવસથી તેમની તબિયત લથડતાં જિંદગીથી તંગ આવી જઈ આ પગલું ભરી લીધાનું જાહેર થયું છે.

# પ્રેમના નામે ફસાવી દુષ્કર્મ કરી યુવકે બીજે સગાઈ કરી, યુવતીનો આપઘાતનો પ્રયાસ

## બદનામીના ડરથી યુવતીએ એસિડ પીધું , ફરિયાદ બાદ આરોપીની ધરપકડ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં યુવતીને પ્રેમ જાળમાં ફસાવી, લગ્નની લાલચ આપી યુવકે દુષ્કર્મ આચર્યું હતું અને બાદમાં અન્ય પોતે અન્ય જગ્યાએ સગાઈ કરી લેતાં યુવતીને હાડોહાડ લાગી આવ્યું હતું અને તેણે બદનામીના ડરથી એસિડના પારખાં કરી લેતાં તેને પહેલાં મોરબી અને બાદમાં રાજકોટ રીફર કરવામાં આવી હતી તેમજ હોસ્પિટલના બીછાનેથી યુવક સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



મોરબી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી યુવતી મૂળ હળવદ તાલુકાના દેવળિયા ગામના વતની અને મોરબી શહેરમાં રહેતા વૈભવ નીલેશભાઈ ભોરણિયા નામના યુવક સાથે સોશ્યલ મીડિયાના માધ્યમથી સંપર્કમાં આવી હતી, શરૂઆતમાં યુવક સાથે સામાન્ય વાતચીત પ્રેમ સંબધ સુધી પહોંચી ગઈ હતી. બન્ને અપરિણીત હોવાથી વૈભવે તેની સાથે જ લગ્ન કરવાની વાતો કરી લલચાવી ફોસલાવી હતી અને તેની સાથે અવારનવાર શારીરિક સંબધ બાંધ્યા હતા, જો કે યુવતી લગ્ન માટે કહેતી તો યેનકેન રીતે ટાળી દેતો હતો. બાદમાં યુવતીને યુવકના બદઈરાદાની જાણ થઈ ગઈ હતી અને તેને એવી પણ જાણ થઈ કે વૈભવે તો અન્ય યુવતી સાથે સગાઈ કરી લીધી છે.

જો કે યુવતીએ લગ્ન કરવા દબાણ કરતા યુવકે તેને મારી નાખવાની ધમકી આપતા યુવતી હેબતાઈ ગઈ હતી અને સમાજમાં બદનામીના ડરથી એસીડ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવતીને ગંભીર હાલતમાં પ્રથમ મોરબી બાદ રાજકોટમાં સારવાર અર્થે ખસેડાઈ હતી જ્યાં યુવતીએ આરોપી વૈભવ સામે ફરિયાદ નોધાવતા બનાવ અંગે તાલુકા પોલીસે દુષ્કર્મ અને એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો નોધી તેની ધરપકડ હતી અને તેનું મેડિકલ ચેકઅપ કરવા તજવીજ હાથ ધરી હતી.

# મહત્તમ તાપમાન આંશિક વધીને ૨૬.૮ ડિગ્રી:લઘુત્તમ તાપમાન અડધો ડિગ્રી વધ્યું

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં રવિવારે લઘુત્તમ તાપમાનમાં અડધા ડિગ્રીનો વધારો થયો હતો. જો કે, ઠાર યથાવત રહ્યો હતો. ભેજનું પ્રમાણ આંશિક વધીને ૪૮ ટકા થઈ ગયું હતું. જયારે મહત્તમ તાપમાન આંશિક વધીને ૨૬.૮ ડિગ્રી નોંધાયું હતું.

જામનગરમાં શિયાળો ધીમે-ધીમે જમાવટ કરી રહ્યો છે. શહેરમાં બર્ફીલા પવનના કારણે શીતલહેરનું મોજું ફરી વળ્યું છે. શહેરમાં ઠંડી વધતા શનિવારે અડધા ડિગ્રીના ઘટાડા સાથે ન્યૂનતમ તાપમાન ૧૩.૫ ડિગ્રી નોંધાયું હતું. પરંતુ રવિવારે પુનઃ અડધા ડિગ્રીના વધારે સાથે લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયું હતું. જો કે, ઠાર યથાવત રહ્યો હતો. પવનના કારણે દિવસભર ટાઢોડું રહ્યું હતું. આંશિક વધીને મહત્તમ તાપમાન ૨૬.૮ ડીગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું



પ્રમાણ ૨ ટકા વધીને ૪૮ ટકા રહ્યું હતું.

પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૧૫ થી ૨૦ કીમીની રહેવા પામી હતી. સવારે અને રાત્રીના વધુ ઠંડીના કારણે લોકો ઘરમાં પૂરાઈ રહેતા માર્ગો પર કુદરતી સંચારબંધી જોવા મળી હતી.

જામનગરમાં લઘુતમ તાપમાનમાં પણ સતત વધઘટ જોવા મળી રહી છે. એક દિવસ ઠંડીનો પારો ઘટે છે તો બીજા દિવસે તેમજ આંશિક વધારો થઈ રહ્યો છે. જોકે, બર્ફિલા પવનના કારણે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ખાસ કરીને વહેલી સવારે અને રાત્રિના વધુ ઠંડી અનુભવાય રહી છે.

# ગોંડલની પરિણીતાને દહેજની માંગણી કરી પતિ સહિતના સાસરિયાએ માર માર્યો



રાજકોટના ગંજીવાડામા માવતરે આવેલી ગોંડલની પરણીતાને પતિ સહિતના સાસરીયાઓએ માર મારી ઘરમાથી કાઢી મુકતા સાસરીયાઓ વિરૂધ્ધ ત્રાસ અંગેની પોલીસમા ફરીયાદ નોંધવામા આવી છે. આ ઘટના અંગે ગોંડલ સિટી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. હાલ ગંજીવાડા પાસે મેરામબાપાની વાડી નજીક રહેતા મુશ્કાનબેન શાહરૂખભાઈ ધંધુકીયા નામના મહિલાએ ફરીયાદમા પતિ શાહરૂખ ઈકબાલ ધંધુકીયા, સસરા ઈકબાલ કાસમ, સાસુ નરસીમબેન અને દીયર રીઝવાનભાઈ ઈકબાલભાઈ વિરૂધ્ધધ ત્રાસ, મારકુટ અંગેની ફરિયાદ નોંધાવી છે. મુશ્કાનબેને ફરીયાદમા જણાવ્યુ હતુ કે તેમના આ બીજા લગ્ન છે. તેમને સંતાનમા ૩ વર્ષનો દિકરો છે. તેમજ પોતે ૪ મહીનાથી સગર્ભા છે. પતિ ડુંગળી વેચે છે. તેમજ મુશ્કાનબેને વધુમાં જણાવ્યુ હતુ કે ૨૦૨૦ની સાલમા તેઓએ શાહરૂખ સાથે જ્ઞાતિના રીવાજ મુજબ લગ્ન કર્યા હતા. લગ્નના ૩ મહીના બાદ સાસુ, સસરા અને દીયર પતિની ચડામણી કરી કહેતા કે તુ ધંધે જવાનુ બંધ કરી દે અને તારી ઘરવાળીને કહે કે માવતરેથી દહેજ લઈ આવે. જેથી મુક્કાન બેન અને તેના પતિ વચ્ચે ઝઘડાઓ થતા હતા અને પતિ ક્યારેક ક્યારેક કામ ધંધો કરતો હતો. તેમજ તેમને કામધંધે જવાનું કહેતા પોતે ગુસ્સે થઈ મુશ્કાનબેનને માર મારતો હતો.તા. ૧૦/૧૨ ના રોજ રાત્રીના સમયે મુશ્કાનબેન ઘરે એકલા હતા ત્યારે તેનો પતિ બહારથી ઘરે આવ્યો અને તારા માવતરના ઘરેથી તુ બે લાખ રૂપિયા દહેજ પેટે લઈ એવ. તેમ કહેતા મુશ્કાબેને પોતે માવતર નહી જાય તેમ કહ્યુ હતુ. ત્યારબાદ તેમને ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. દરમિયાન પાછળથી સાસુ અને દીયર તેમજ સસરા આવી ગયા હતા અને તેઓએ એકસંપ થઈ કહેવા લાગ્યા કે તારે અહીં રહેવુ હોય તો તારા માવતરેથી કીધુ એટલુ દહેજ લઈ આવ નહીંતર તારે અહીં નથી રહેવાનું. ત્યારબાદ સાસુ સસરા અને દીયરએ મુશ્કાનબેનને ઢીકા પાટુનો માર માર્યો હતો. જેથી તેઓને પાડોશમા રહેતા જુમ્માભાઈ અને હાજુબેન બંનેએ વચ્ચે પડી તેમને બચાવ્યા હતા. ત્યારબાદ સાસરી યાઓએ આ વાત કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને બાદમા રાજકોટ ગંજીવાડા પાસે રહેતા માવતર ગોંડલ આવી મુશ્કાનબેનને પોતાના ઘરે લઈ ગયા હતા. જયા મુશ્કાનબેનની તબીયત બગડતા તેઓને રાજકોટની સરકારી હોસ્પિટલમા સારવાર માટે ખસેડયા હતા. આ ઘટના અંગે મુશ્કાનબેને ગોંડલ સીટી પોલીસ મથકમા ફરીયાદ નોંધાવી હતી.

## રાજકોટમાં સીટી બસના ચાલકો બેફામ બન્યા : બે સ્થળે અકસ્માત ભક્તિનગર સર્કલ પાસે સાઈકલને ઠોકરે ચડાવતાં પ્રૌઢ ઘવાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં સીટીબસના ચાલકો બેફામ બન્યા હોય તેમ અવાર-નવાર અકસ્માતો સર્જતા રહે છે ત્યારે વધુ બે સ્થળે સીટી બસના ચાલકે અકસ્માત સર્જ્યો હોવાની ઘટના સામે આવી છે. જેમાં ભક્તિનગર સર્કલ પાસે સાઈકલને ઠોકરે ચડાવતાં પ્રૌઢ ઘવાયા હતા જ્યાં ગોવર્ધન ચોકમાં બીઆરટીએસ સ્ટેશનમાં સીટી બસ ઘુસી જતાં મુસાફરને ઈજા પહોંચી હતી.



આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં હરીધવા રોડ પર આવેલા શ્રધ્ધા પાર્કમાં રહેતા દિલીપભાઈ મગનભાઈ નાઢા નામના પ્રૌઢ પોતાની સાયકલ લઈ જતા હતા ત્યારે ભકિતનગર સર્કલ પાસે સીટીબસના ચાલકે સાયકલને ઠોકરેચડાવતા દિલિપભાઈને બંને પગે ઈજા થતાં ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા ગોવર્ધન ચોકમાં બીઆરટીએસ બસના ચાલકે સ્ટેયરીંગ પર કાબુ ગુમાવતા બસ બીઆરટીએસ સ્ટેશનમાં ઘુસી ગઈ હતી. આ બનાવમાં બસમાં મુસાફરી કરતા કોઠારિયા સોલ્વન્ટ પાસે ૩ માળિયા ક્વાટર્સમાં રહેતા ચિરાગ પ્રવીણભાઈ પટેલ (ઉવ૨૪)ને ઈજા થઈ હતી. બનાવને પગલે લોકો એકઠા થયા હતા. ઈજાગ્રસ્ત ચીરાગ પટેલને ઈજા પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવ અંગેની જાણ થતા માલવીયાનગર પોલીસ મથકનો સ્ટાફ ગોવર્ધન ચોક ખાતે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી હતી.

## ૧૦ વર્ષમાં પ્રથમ વખત રાજકોટવાસીઓએ શીતલહેર અનુભવી; સિઝનની સૌથી વધુ ઠંડી નલિયા બાદ રાજકોટમાં નોંધાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત રાજ્યના વર્ષ ૨૦૨૪-૨૫માં શિયાળાની ઠંડી ભુક્કા બોલાવી રહી છે અને ગત વર્ષે જે ઓછી ઠંડી નોંધાઈ હતી તેને સરભર કરવા જાણે કે ઠંડીએ નક્કી જ કરી લીધું હોય તે પ્રકારે હાર્ડ થીજવતી ઠંડી પડી રહી છે, પરંતુ આ વર્ષની ઠંડીમાં આશ્ચર્યજનક બાબત એ છે કે જ્યાં રાજકોટમાં સામાન્ય ઠંડી રહેતી હોય છે તેને બદલે આ વર્ષે ગાત્રો થીજવતી ઠંડી રાજકોટવાસીઓ અનુભવી રહ્યા છે.

છેલ્લાં દસ વર્ષમાં પ્રથમ વખત રાજકોટવાસીઓએ શીતલ લહેરનો પણ અનુભવ કર્યો છે એટલે કે ગુજરાત રાજ્યમાં સામાન્ય રીતે કચ્છના નલિયામાં અને બનાસકાંઠાના ડીસામાં કોલ્ડવેવની અસર વર્તાતી હોય છે, પરંતુ આ વર્ષે સૌરાષ્ટ્રના રાજકોટમાં પણ કોલ્ડવેવની અસર સતત બે દિવસ સુધી રહી હતી. એટલે કે શું રાજકોટ ગુજરાત રાજ્યનું બીજું નલિયા બની રહ્યું છે તેવો પણ પ્રશ્નો ઉદ્ભવે છે.

ગુજરાતના નલિયા અને ડીસામાં કોલ્ડવેવની અસર સામાન્ય છે, પરંતુ આ વર્ષે જે પ્રકારે રાજકોટમાં પણ બે દિવસ દરમિયાન કોલ્ડવેવની અસર રહી હતી. તે વાતાવરણમાં બદલાવની નિશાની છે. સામાન્ય રીતે હવામાન વિભાગ દ્વારા એક ચોક્કસ તાપમાન નક્કી કરવામાં આવે છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા વર્ષ ૧૯૯૯થી વર્ષ ૨૦૨૦ સુધીના દર વર્ષના તાપમાનનું અવલોકન કરીને એક ચોક્કસ માપદંડ નક્કી કરવામાં આવ્યો છે. જે મુજબ જો ગુજરાત રાજ્યના કોઈપણ વિસ્તારમાં લઘુત્તમ તાપમાન નક્કી કરવામાં આવેલા ચોક્કસ સામાન્ય તાપમાન કરતા ૪.૫ ડિગ્રી સેલ્સિયસ ઓછું નોંધાય અને આ સ્થિતિ સતત બે દિવસ સુધી રહે તથા લઘુતમ તાપમાન તે વિસ્તારમાં ૧૦ ડિગ્રી સેલ્સિયસ કરતા ઓછું નોંધાય, આ ઉપરાંત રાજ્યના બે વિસ્તારમાં સમાન સ્થિતિ હોય તો તે વિસ્તારમાં કોલ્ડવેવ જાહેર કરવામાં આવે છે. શિયાળાની ઋતુમાં જ્યારે પશ્ચિમથી ઠંડા પવનની લહેર ભારતના ઉત્તરી ભાગમાં અથવા તો પાડોશી દેશમાં હિમવર્ષા કરે અને શિયાળાની ઋતુમાં સામાન્ય રીતે ભારત ઉપર ઉત્તર દિશા તરફથી પવનો ફૂંકાતા હોય છે. તેમાં પણ ખાસ કરીને શિયાળાની ઋતુમાં ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી આવતા પવનો તે હિમવર્ષાના ઠંડા પવન ગુજરાત સુધી લાવે છે. જ્યારે પણ ગુજરાતના વિવિધ પ્રદેશોમાં ઠંડીનું



જોર વધે ત્યારે કોલ્ડવેવ વિશે હવામાન વિભાગ દ્વારા વિચારણા કરવામાં આવે છે. તેના માટે એક ચોક્કસ તાપમાન અગાઉથી જ નિયત કરવામાં આવેલું હોય છે. તેનાથી નીચે જ્યારે તાપમાન જાય અને અન્ય બે માપદંડ સમાન બને ત્યારે તે વિસ્તારમાં કોલ્ડવેવની અસર રહી હતી તેમ કહી શકાય. રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં ડિસેમ્બર મહિનામાં નોંધાયેલી સૌથી વધુ ઠંડી એટલે કે ડિસેમ્બર મહિનામાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નોંધાયું. તેમાં વર્ષ ૨૦૧૪માં છેલ્લે આઠ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું તેમ છતાં કોલ્ડવેવની અસર રહી ન હતી, પરંતુ આ વર્ષે અત્યાર સુધીમાં લઘુતમ તાપમાન ૯.૧ ડિગ્રી સેલ્સિયસ સુધી નોંધાયું છે તેમ છતાં આ વર્ષે બે દિવસ દરમિયાન કોલ્ડવેવની અસર નોંધાઈ હતી.

## રાજકોટ બાર એસો.ની ચૂંટણી લડનાર સમરસ પેનલના કાર્યાલયનું ઉદઘાટન

### વકીલોના જમાવડા વચ્ચે પૂર્વ સાંસદ માવાણી અને પૂર્વ ધારાસભ્ય બાંભણીયાના હસ્તે કાર્યાલય ખુલ્લુ મૂકાયુ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ, તા.૧૬ સૌરાષ્ટ્રના સૌથી મોટા ગણાતા ૬ રાજકોટ શહેર બાર એસોસીયેસનની ચૂંટણી ૨૦૨૫ માટે તા.૨૦/૧૨/ ૨૦૨૪ મતદાન યોજવાનું છે. રાજકોટ બાર એસોસીએશનની ચૂંટણીમાં ત્રણ પેનલ વચ્ચે ચુંટણી જંગ જામ્યો છે. ત્યારે પરેશ મારૂની સમરસ પેનલનું કાર્યાલય પૂર્વ સાંસદ રામજીભાઈ માવાણી અને પૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ ભાંભણીયાના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતુ. આ કાર્યાલય ઉદ્ઘાટનમાં આશરે ૩૦૦ થી વધુ સંખ્યામાં વકીલો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના મેમ્બર દીલીપભાઈ પટેલ, એ.જી.પી. દીલીપભાઈ મહેતા, પરાગ શાહ, બીનલબેન વેસીયા, અનિલ ગોગીયા, રેવન્યુ બાર એસો.ના પ્રમુખ રમેશભાઈ કથીરીયા, ઉપપ્રમુખ વીજય તોગડીયા, સેક્રેટરી નિલેશ પટેલ, રમેશ ઘોડાસરા, ચન્દ્રેશ પટેલ, લીગલ સેલના વિરેન્દ્ર વ્યાસ, ધર્મેશ સખીયા, મહિલા એસો. એડવોકેટ મહેશ્વરીબેન ચૌહાણ, ઉર્વશી કાકડીયા, ધારા મુળશા, ભાવનાબેન ડાભી, મીનાક્ષીબેન દવે, હિરલબેન જોષી, નયનાબેન ચૌહાણ, ક્રિમીનલ બાર એસો.ના પ્રમુખ હિતેન્દ્રસિંહ જાડેજા, મેઘરાજસિંહ ચુડાસમાં, નોટરી એસો.ના પ્રમુખ પ્રકાશસિંહ ગોહિલ, યોગેશ ઉદાણી, મનીપ ખખ્ખર, સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યાલય ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહેલા રામજીભાઈ માવાણીએ જણાવ્યું હતું કે વકિલ દેશના ઈતિહાસમાં ખુબ જ સ્થાન ધરાવે છે. મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલ સહિતના વિકલોએ દેશનો ઈતિહાસ ફેરવેલ હતો અને દેશમાં વકિલો અગત્યનું સ્થાન ધરાવે છે. સરપંચથી સંસદ સુધી વકિલોનું આધિપત્ય રહયુ છે. આ તકે પૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ બાંભણીયાએ



જણાવ્યુ હતુ કે, વકીલો ગરીબ અને નાના લોકો માટે લક્ત આપે છે. તેમના પ્રશ્નને વાંચા આપે છે. આ દેશનો ઈતિહાસ જોઈએ તો વકીલો કાયમી ધોરણે દેશની ચૂંટણીમાં સૌપ્રથમ કામગીરી કરેલી છે અને વકીલોને સમરસ પેનલને જંગી મતથી જીતાડવા આહવાન કર્યું હતુ.

બાર એસો. ચૂંટણીના ઉમેદવાર ઉપપ્રમુખ સુમીત વોરા, સેક્રેટરી કેતન દવે, જોઈન્ટ સેક્રેટરી ગીરીરાજસિંહ જાડેજા, ટ્રેઝર પંકજ દોંગા, લાઈબ્રેરી સેક્રેટરી કેતન મંડ, મહિલા અનામત રક્ષાબેન ઉપાધ્યાય, કારોબારી સભ્યો સંજય ડાંગર, તુષાર દવે, પ્રગતી માંકડીયા, પરેશ પાદરીયા, અસ્વિન રામાણી, નિકુંજ શુકલ, મનીપ સોનપાલ, રવી વાઘેલા અને કિશન વાલવાને મોટી સંખ્યામાં હાજર વકિલોએ સમર્થન આપેલ હતુ.


## ઉર્જા સંરક્ષણ માટે રાજકોટ ડિવિઝનને મળ્યો રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી (ઈઉઉ), પાવર મંત્રાલય, ભારત સરકાર દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ્સ (ગઉઈઅ) ૨૦૨૪માં રાજકોટ ડિવિઝનએ તેની જીતનો સિલસિલો ચાલુ રાખ્યો હતો. પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનને વર્ષ ૨૦૨૪ માટે ટ્રાન્સપોર્ટ સેક્ટરમાં તૃતીય પુરસ્કાર (માન્યતાનું પ્રમાણપત્ર) પ્રોજેક્ટ નઓટોમેશન ઓફ અંડરગિયર લાઈટ્સથ માટે મળ્યો છે. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે ઊર્જા મંત્રાલય દ્વારા આયોજિત એક ભવ્ય સમારંભમાં સચિવ (પાવર) શ્રી પંકજ અગ્રવાલ દ્વારા રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (પાવર) શ્રીમતી રજની યાદવને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.







રાજકોટ ડેપો ખાતે પીટલાઈન લાઈનમાં સ્થાપિત અન્ડરગિયર એલઈડી લાઈટોને સ્વાયત્ત રીતે ચલાવવા બદલ આ એવોર્ડ મળ્યો છે. પીટલાઈનના ઓટોમેશનનો હેતુ અલ્ટ્રાસોનિક ટેક્નોલોજી દ્વારા ભારતીય રેલ્વેના કોચિંગ ડેપોની પીટ લાઈનમાં ઊર્જા બચાવવાનો છે. આ પીટલાઈન ઓટોમેશનમાં ૩ નં ના ઈંડ૬૫ અલ્ટ્રાસોનિક સેન્સર છે જે પીટ લાઈનમાં સ્થાપિત અંડરગિયર લાઈટ્સને નિયંત્રિત કરે છે. આ સિસ્ટમ પીટ લાઇનના તે ભાગ પર તમામ અન્ડરગિયર લાઈટને બંધ કરે છે જેના પર પરીક્ષણ કરવા માટે કોઈ રોલિંગ સ્ટોક નથી, આમ ઊર્જા ખર્ચ બચે છે.

ઉપરોક્ત પિટલાઈન ઓટોમેશનને અમલમાં મૂકવાથી ૧ પીટ લાઇન માટે લગભગ ૫૦૪ ઊંઠઈ (યુનિટ) દર મહિને (૬૦૪૮ ઊંઠઈ પ્રતિ વર્ષ) ઊર્જા બચત થાય છે. આ પીટલાઈન ઓટોમેશનનો ઉપયોગ કરીને, ભારતીય રેલ્વેમાં પીટ લાઈનમાં અન્ડરગિયર લાઈટોને આપમેળે ઓપરેટ કરી શકાય છે. દર વર્ષે ઓછામાં ઓછા ૧૮૦ ટન કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થવાની ધારણા છે અને દર વર્ષે કુલ અપેક્ષિત ઉર્જા બચત ૬૦૪૮ ઊંઠ અને દર વર્ષે પીટ લાઈન દીઠ રૂ. ૫૧૦૦૦/- ની બચત થશે.

રાજકોટ ડિવિઝનના રેલ્વે મેનેજર શ્રી અશ્વિની કુમારે રાજકોટ ડીવીઝનની આ મહત્વની સિદ્ધિ બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા અને તેને રેલ્વે કર્મચારીઓ અને અધિકારીઓના સમર્પણ અને મહેનત નું પરિણામ ગણાવ્યું હતું.

## રાજકોટ જિલ્લામાં ગામેગામ પહોંચી હાથ ધરાશે ટીબી નાબુદી અભિયાન

### ટીબી ઝુંબેશ જાગૃતિ અભિયાન માટે અલગ-અલગ ગ્રામ્ય વિસ્તારોમાં રેલીઓનું પણ આયોજન કરવામાં આવશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર દ્વારા ટીબીના દર્દીની સંખ્યામાં અને ટીબીથી થતાં મૃત્યુના દરમાં ઘટાડો કરવા માટે ગત તારીખ ૭ ડિસેમ્બરથી ૧૦૦ દિવસનાં ટીબી નાબુદીનાં અભિયાનનો પ્રારંભ કરાયો છે. ત્યારે રાજકોટ જિલ્લામાં- કલેક્ટર પ્રભવ જોશી અને માર્ગદર્શન હેઠળ ખાસ અલગ અલગ ટીમો બનાવવામાં આવી છે અને ગ્રામ્ય વિસ્તારોમાં એક એક લોકો સુધી પહોંચવા માટે જિલ્લાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ટીબી નાબૂદી કાર્યક્મ શરૂ કરવામાં આવ્યા છે. તેમજ જિલ્લામાં અલગ અલગ ગામડાઓમાં નાના-મોટે ૧૦૦ પણ વધુ નાના મોટી તજાગૃતિ માટે રેલીઓ યોજવામાં આવશે.

રાજકોટ કલેક્ટર પ્રભવ જોશીની સૂચના અનુસાર ગ્રામ્ય વિસ્તારોમાં એક-એક લોકો સુધી પોચી વળવા માટે જીલ્લા આરોગ્ય વિભાગની ટીમો ગામે- ગામે જઈ સ્કૂલો તેમજ ગામના લોકોને ટીબી માટેની જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યો છે. જેમાં તંત્ર દ્વારા બે લાખથી પણ વધુ લોકોને જાગૃતિ માટે ટેમ્પ્લેટ છાપ પવામાં આવ્યાં છે. ટીબી નાબૂદ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી પણ ઝુંબેશ હાથ ધરવા માટે કલેકટર દ્વારા સુચના આપી દેવામાં આવી છે. છેલ્લામાં ૫૦થી પણ વધુ તેમાં આરોગ્ય વિભાગ દ્વારા મનાવવામાં આવે છે અને ગામના એક-એક લોકો સુધી પહોંચીને ટીબીથી લોકોને જાગૃત કરવા માટે કલેકટર દ્વારા સૂચના પણ આપી દેવામાં આવી છે. સાથે જ ગ્રામ્ય વિસ્તારોમાં લોકો સુધી જાગૃતિ તે માટે અલગ-અલગ વિસ્તારોમાં રેલીઓનું પણ આયોજન કરવામાં આવશે.

દેશને સંપૂર્ણપણે ટીબી મુક્ત કરવા કેન્દ્ર સરકારનું અભિયાન ચાલી રહ્યું છે. હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર ડિપાર્ટમેન્ટ દ્વારા નિક્ષય પોષણ યોજના હેઠળ દરેક દર્દીને સારવાર ચાલે ત્યાં સુધી મહિને રૂ.૫૦૦ની સહાય આપવામાં આવતી હતી. આ રકમ સીધી તેમના ખાતામાં જમા થતી હતી. કેન્દ્ર સરકાર દ્વારા દર્દીને વધુ પૌષ્ટિક આહાર મળી રહે અને તેની ટીબી મુક્ત થવાની સંભાવના વધી જાય તે માટે ૧લી નવેમ્બરથી આ રકમ બમણી કરવામાં આવી છે અને હવે દર્દીઓને મહિને રૂ.૫૦૦ની જગ્યાએ રૂ.૧૦૦૦ની સહાય મળશે. ટીબી હવા મારફતે ફેલાતો ચેપી રોગ છે. એક ટીબી દર્દી ઓછામાં ઓછા ૧૦ વ્યક્તિને ચેપ લગાડી શકે છે.



રાજકોટ જિલ્લામાં ૨૦૨૧ની સાલમાં ૨૬૧૩, ૨૦૨૨ની સાલમાં ૨૮૧૫ અને ૨૦૨૩ની સાલમાં ૨૭૯૫ ટીબીના દર્દીઓ નોંધાયા છે.

જ્યારે ૨૦૨૪ના જાન્યુઆરથી ઓક્ટોબર સુધીમાં ૨૪૫૯ દર્દીઓ નોંધાયા છે. દર મહિને એવરેજ ૨૪૫ જેટલા દર્દીઓ ટીબીની સારવાર માટે આવે છે અને તેમને સહાયની રકમ ચૂકવવામાં આવે છે.દર્દીઓને પોષણક્ષમ કિટ મળી રહે તે માટે દત્તક યોજના ચલાવવામાં આવી રહી છે જેમાં દાતાઓ દ્વારા ટીબીના દર્દીઓને દત્તક લઈ દર મહિને પોષણક્ષણ કિટ આપવામાં આવે છે. જેમાં તમામ પ્રકારની દાળ, ખજૂર, ગોળ, કઠોળ, તેલ, માંડવીના દાણા, દાળિયા સહિતની ચીજવસ્તુઓ હોય છે. હાલમાં રાજકોટ જિલ્લામાં દર મહિને સદ્ભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ૫૦, સ્નેહ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૦, હ્યુમન ઓફ રાજકોટ દ્વારા ૩૦, રોટરી કલબ ગ્રેટર અને મીડટાઉન દ્વારા ૩૦, ગોંડલમાં શક્તિમાન ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ૩૫, ધોરાજીમાં શ્રી રામધૂન મંડળ દ્વારા ૩૦, જેતપુરમાં ખાનગી તબીબ દ્વારા ૩૦, શાપરમાં પ્રાઈવેટ તબીબ એસોસિએશન દ્વારા ૧૦, હોસ્પિટલના સ્ટાફ દ્વારા ૧૫ જેટલી કિટ આપવામાં આવે છે. તેમજ એક દાતા દ્વારા દર મહિને ૧૦૦ દર્દીઓને પ્રોટીન પાઉડર આપવામાં આવે છે.

## ગીરગઢડાના પતાપુર કાંધી ગામેથી ખનીજ ચોરી પકડી પાડતું વહીવટીતંત્ર



અહેવાલ :- અબ્દુલ પઠાણ ઊના

ગીર ગઢડા તાલુકાના પાતાપુર કાધી ગામે છેલ્લા ઘણા સમયથી રેતી ચોરી કરી અને બારોબાર વેચી મારતા હોય છે ત્યારે આજે ઊના પ્રાંત અધિકારીને ખાનગી રૂપે બાતમી મળી મળી કે પાતાપુર કાધી ગામે નદીના અંદર ટેકટર વડે રેતી ચોરી કરી રહ્યા છે તેવી બાતમી મળતા તરત જ વહીવટી તંત્ર ત્યાં પહોંચ્યો અને (૧) જેસીબી અને ૨ ટ્રેક્ટર મળી કુલ રૂ. 30 મુદ્દામાલ જપ્ત કર્યોકલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની સૂચના અને ઉનાના પ્રાંત અધિકારી ચિરાગ હિરવાણિયાના માર્ગદર્શન હેઠળ આજરોજ મામલતદાર કચેરી, ઉના અને પ્રાંત કચેરી, ઉનાના સ્ટાફ દ્વારા ગીરગઢડા તાલુકાના પતાપુર - કાંધી ગામેથી પસાર થતી રાવલ નદીમાંથી ખનીજ ચોરી કરતાં (૧) જેસીબી અને (૨) ટ્રેક્ટર મળી કુલ રૂ. 30 મુદ્દામાં પકડી પાડી કાર્યવાહી કરી છે ત્યારે ગીરગઢડા, મામલતદાર કચેરી ખાતે રાખવામાં આવેલ છે. આ બાબતે આગળની કાર્યવાહી ખાણ ખનીજ વિભાગ કરી રહ્યું છે.

## પશ્ચિમ રેલવેના સિનિયર અધિકારી સચિન શર્માએ જેસલમેરમાં ૧૬૦ કિલોમીટરની અલ્ટ્રા મેરેથોન પૂરી કરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરના સેક્રેટરી શ્રી સચિન શર્મા (ઈછ્ઝજ ૨૦૦૮) એ ૧૪ થી ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી આયોજિત પડકારજનક જેસલમેર અલ્ટ્રા મેરેથોન ૨૦૨૪ માં ભાગ લીધો. તેમણે પડકારજનક ૧૬૦ કિલોમીટરની રેસમાં ભાગ લીધો અને તેને ૨૩ કલાકમાં પૂરી કરી.





પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ મુજબ, શ્રી શર્માએ ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ ૧૬૦ કિમીની અલ્ટ્રા મેરેથોનને ૨૩ કલાકમાં સફળતાપૂર્વ પૂરી કરી. શ્રી શર્માએ આ ગ્રેટ અલ્ટ્રા મેરેથોન દોડને સફળતાપૂર્વક પૂરી કરનારા પહેલા ભારતીય રેલવે અધિકારી હોવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું.

આનાથી પહેલાં શ્રી શર્માએ ૨૦૨૨ માં ૪૨ કિલોમીટરની લદાખ ફુલ મેરેથોન, ૨૦૨૩ માં ૭૨ કિલોમીટરની ખારદુંગ લા ચેલેન્જ અને ૪૨ કિલોમીટરની લદાખ ફુલ મેરેથોન, દક્ષિણ આફ્રિકામાં આયોજિત કોમરેડ્સ મેરેથોન (૮૬ કિલોમીટર) અને આ વર્ષે લદાખમાં આયોજિત સિલ્ક રૂટ અલ્ટ્રા મેરેથોન સિવાય દેશભરમાં કેટલીય અન્ય અલ્ટ્રા અને અન્ય મેરેથોન તથા ટ્રાયથલોનમાં પણ ભાગ લીધો છે. પશ્ચિમ રેલવે શ્રી શર્માને આ ઉલ્લેખનિય સિદ્ધિ માટે અભિનંદન આપે છે તથા આગામી દોડમાં તેમની સફળતાની શુભેચ્છાઓ આપે છે.

## થર્ટી ફર્સ્ટ અનુસંધાને શહેરમાં કડક વાહન ચેકીંગ :ચાર સેક્ટરમાં ટ્રાફિક પોલીસે ૧૫૪ કેસ કરી ૧૨ વાહનો ડીટેઈન કર્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરની થર્ટી ફર્સ્ટ નજીક આવતા જ ટ્રાફિક પોલીસે શહેરના મુખ્ય ચોકમાં જ વાહન ચેકિંગ હાથ ધરીને ૧૫૪ વાહન ચાલકો પાસેથી રૂ.૬૩,૫૦૦નો રોકડ દંડ વસુલ્યો હતો.જયારે ૯૧ વાહન ચાલકોને ૭૧,૧૦૦ના ઈ-ચલણ અપાયા હતા.અને ૧૨ વાહનો ડિટેઈન કરીને ૧૪૩ લોકોને બ્રેથ એનેલાઈઝર મશીનથી ચેક કરાયા હતા.

શહેરના રાજમાર્ગો પર વિવિધ પોલીસ મથકના અધિકારી સહિતની ટીમ તથા ટ્રાફિક એસપી જે.બી.ગઢવી ના માર્ગદર્શન હેઠળ ત્રણ ટિમોએ પણ વિવિધ સ્થળો પર ડ્રાઈવ હાથ ધરી હતી. શહેરની ગ્રીનલેન્ડ ચોકડી, અમુલ સર્કલ, સોરઠીયાવાડી સર્કલ, કોટેચા ચોક,કોસ્મોપ્લેકક્ષ, કિશાન પરા, ઘંટેશ્વર ચોક સહિતના સ્થળે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં સેકટર ૧ ગ્રીનલેન્ડ ચોકડી ખાતે ૧૨ વાહનચાલકોને રોકડ દંડ અને ૯ વાહનચાલકોને ઈ-ચલણ આપી કુલ રૂ.૧૧,૬૦૦નો દંડ કરાયો હતો. તેમજ ૧૮ વાહન ચાલકોને બ્રેથ એનેલાઈઝર મશીનથી ચેક કરાયા હતા તેમજ સેકટર ૨માં લવલ લોકોને ૭૩,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. તેમજ ૨ વાહનોને ડિટેઈન કરીને ૫૮ વાહનચાલકોને બ્રેથ મશીનથી તપાસયા હતા.તેમજ સેકટર ૩માં ૪૩ વાહન ચાલકો પાસેથી ૧૪,૪૦૦નો દંડ વસુલ્યો હતો અને ૪ વાહનો ડિટેઈન કર્યા હતા અને સેકટર ૪માં ૬૨ વાહન ચાલકો પાસેથી ૩૭,૧૦૦નો દંડ ઉઘરાવી ૬ વાહન ડિટેઈન કરીને ૪૫ ચાલકનોને બ્રેથ એનેલાઈઝર મશીનથી ચેક કર્યા હતા.

## વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજને એક સાથે પાંચ કોર્સ માઈનોર/ ઓનર ડિગ્રી પ્રોગ્રામ શરૂ કરવાની જી.ટી.યુ. દ્વારા અનુમતિ

### અભ્યાસક્રમ અને મળતી ડીગ્રી સિવાય વધારાના માઈનોર/ઓનર કોર્સ ભવિષ્ય ની ટેક્નોલોજીની જરૂરિયાતપૂરી કરવા માટે વિદ્યાર્થીઓને સક્ષમ બનાવશે.- ટ્રસ્ટી ડો. નવીનભાઈ શેઠ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટી સંલગ્ન પ્રીમીયર એકેડેમીક એન્જીનીયરીંગ ઈન્સ્ટીટયુટ દ્વારા ચલાવાતા એન્જીનીયરીંગના અભ્યાસક્મ સાથે વિદ્યાર્થીઓ વધુ સ્કીલ ડેવલપ કરી શકે તે હેતુસર સ્પેશ્યલાઈઝેશન વિષયોના અભ્યાસક્મ ની આવશ્યકતા પુરી પાડવા માટે માઈનોર/ઓનર ડિગ્રી પ્રોગ્રામ શરૂ કરવામાં આવેલ છે. નેશનલ એજયુકેશન પોલીસી-૨૦૨૦ અંતર્ગત ઓલ ઈન્ડીયા કાઉન્સીલ ઓફ ટેકનીકલ એજયુકેશન (અઈઈઝઊ) દ્વારા પણ આ પ્રકારના વિશેષ કોર્સ શિખવવા ભલામણ કરાયેલ છે. આ વિશે વધુ વાતચીત કરતા વી.વી.પી. ના ટ્રસ્ટીશ્રી નવીનભાઈ શેઠે જણાવ્યું હતું કે, માઈનોર/ઓનર ડીગ્રી પ્રોગ્રામમાં એન્જીનીયરીંગ નાં વિદ્યાર્થીઓ ચોથા, પાંચમા, છઠા અને સાતમા સેમેસ્ટર ની અંદર સ્પેશિયલાઈઝેશન વિષય ભણશે તથા તેની પરીક્ષા પાસ કરી વધારાની ક્રેડિટ મેળવી શકશે. આથી તેમના ચાર વર્ષના અભ્યાસક્મ અને મળતી ડીગ્રી સિવાય વધારાની માઈનોર/ઓનર ડીગ્રી સ્પેશિયલાઈઝેશન વિષય પર મળવા પાત્ર થશે. આ માઈનોર/ઓનર ડિગ્રી મેળવવા માટે તેઓએ જે તે કોલેજમાં કોઈ વધારાની ટયુશન ફી આપવાની રહેતી નથી. આવા વિદ્યાર્થીઓને ડ્યુઅલ ડિગ્રી એટલે કે પોતાના વિષયની એક ડિગ્રી તથા માઈનોર/ઓનર ની ડીગ્રી મળવા પાત્ર રહેશે.આ માઈનોર/ઓનર ડિગ્રી તેમના ભવિષ્યમાં મળવા પાત્ર પ્લેસમેન્ટ માટે પણ ખૂબ જ ઉપયોગી રહેશે. આથી સર્વેને જણાવતા વિશેષ આનંદ છે કે સૌરાષ્ટ્રની ખ્યાતનામ ૨૦૧૪, તથા ૨૦૨૪ માં નેશનલ એવોર્ડ મેળવેલ વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ તમામ નિયમોને ફુલફીલ કરી વર્ષ ૨૦૨૪-૨૫ થી માઈનોર/ઓનર ડીગ્રી પ્રોગ્રામ શરૂ કરવા જઈ રહેલ છે. આ માટે જી.ટી.યુ. તરફથી તાજેતરમાં વી.વી.પી.ને એપ્રુવલ મળી ગયેલ છે. આ વર્ષથી મીકેનીકલ એન્જીનીયરીંગમાં ૩ડ પ્રિન્ટિંગ ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ માં ઈલેક્ટ્રીકલ એન્ડ કોમ્પ્યુટર, કેમિકલ એન્જીનીયરીંગમાં ઈન્ડસ્ટ્રીયલ પ્રોસેસ સેફ્ટી, સીવીલ એન્જીનીયરીંગ માં કોમ્પ્યુટર એઈડેડ સીવીલ એન્જીનીયરીંગ પ્રોસેસીસ અને ઈ.સી. વિભાગદ્વારા ઈન્ટરનેટ ઓફ થીંગ્સ (ઈંઘઝ)વિષયના માઈનોર/ ઓનરડિગ્રી કોર્સ શરૂ કરવા જઈ રહ્યા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

### ૨૧ મી સદીમાં પણ ભુપગઢ ગામમાં અનુસૂચિત જાતિના લોકોનો બહિષ્કાર કરતા સભ્ય સમાજના લોકો

# ભુપગઢ ગામે સરકારી દબાણમાં ખોટી લેન્ડગ્રેબિંગની ફરિયાદ કર્યાની કલેકટરને રજૂઆત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ તાલુકાના ભુપગઢ ગામે રહેતા અનુજાતી સમાજના લોકો દ્વારા રાજકોટ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું જેમાં રજૂઆત કરવામાં આવી હતી કે ૨૧મી સદીમાં પણ ભુપગઢ ગામમાં સભ્ય સમાજના લોકો દ્વારા અનુજાતી સમાજના લોકોની અવગણના કરી બહિષ્કાર કરવામાં આવતો હોય તેમ જણાવવામાં આવ્યું હતું તેમ જ ગામમાં રહેતા સભ્ય સમાજના લોકો દ્વારા સરકારી ખરાબા ની જમીન અને ગૌચરની જમીન પર મસ્ત મોટું દબાણ કરી સમાજ વાડી અને ગૌશાળા બનાવી દેવામાં આવી હોય અને રાજકોટ મામલતદાર દ્વારા આ જગ્યા પર દબાણ થયું હોય તેવી નોટિસ પણ આપી દેવામાં આવી હોય અને પૂર્વ મામલતદાર એ સમયમાં દબાણ દૂર કરવા ડિમોલેશન કરવા અંગેની નોટિસ આપવામાં આવી હોય તેવી માહિતી ગામમાં રહેતા એક જાગૃત નાગરિક દ્વારા માહિતી અધિકાર હેઠળ માહિતી માગવામાં આવી હોય જેમાં ખુલાસો થયો હતો પરંતુ તંત્ર વાહકોએ આ દબાણ પર કોઈ કાર્યવાહી કરી ન હતી જ્યારે બીજી બાજુ ભુપગઢ ગામમાં રહેતા અનુસૂચિત જાતિના વૃદ્ધ અને વર્ષો પહેલા સાથણીમાં પાંચ એકર જગ્યા સરકાર દ્વારા આપવામાં આવી હતી અને આ જમીન માંથી એક એકર જમીન સરકાર દ્વારા કમી કરવામાં આવી હતી ત્યારબાદ વૃદ્ધ દ્વારા આ જમીન પોતાને પરત આપવા લેખિતમાં રજૂઆત કરાઈ હતી પરંતુ એ જમીન સરકારી ખરાબા તરીકે સરકારી કાગળ પર ચિતરી દેવામાં આવી હોય ત્યારબાદ આ અનુ જાતિ ના વૃદ્ધ ના વારસદારોએ આ જમીન પર માલ ઢોર બાંધવા માટે વાળા બનાવ્યા હોય ત્યારે




**ગામમાં રહેતા સભ્ય સમાજના લોકોએ સમાજવાડી અને ગૌશાળા સરકારી ખરાબાની જમીન તથા ગૌચરની જમીન પર બનાવી હોય પણ તંત્રએ કોઈ કાર્યવાહી નહીં કરતા અનુજાતી સમાજના લોકોમાં રોષ**

ગામમાં રહેતા કેટલાક લોકોને આ ખટકતું હોય જેથી નવા કાયદા મુજબ લેન ગ્રેબિંગની ફરિયાદ કરવામાં આવી હતી અને રાજકીય જોરના કારણે તાત્કાલિક ધોરણે તંત્ર વાહકોને દબાણ લાવી વૃદ્ધના પરિવારના મહિલા સહિત સાત લોકો વિરુદ્ધ લેન્ડગ્રેનિંગ ની ફરિયાદ નોંધાવી હોય અને હાલ વૃદ્ધના પરિવારના સભ્યો જેલમાં હોય તેમ છતાં ગામમાં રહેતા સભ્ય સમાજના લોકો આ દબાણ દૂર કરવા જિલ્લા કલેકટર તંત્રને રાજકીય દબાણ લાવી તાત્કાલિક ધોરણે દબાણ દૂર કરવાની નોટિસ તંત્ર એ પાઠવી હતી જ્યારે વર્ષોથી ગામના સભ્ય સમાજ દ્વારા ગૌચરની જમીન અને સરકારી ખરાબ ની જમીન પર સમાજ વાડી અને ગૌશાળા બનાવવામાં આવી હોય તે દબાણ દૂર કરવાની કોઈ નોટીસ કે કાર્યવાહી નહીં થતાં ભુપગડ ગામમાં રહેતા અનુસૂચિત જાતિ સમાજના લોકો મોટી સંખ્યામાં કલેકટર કચેરીએ દોડી આવ્યા હતા અને લેખિતમાં આવેદનપત્ર પાઠવી જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિ સમાજના એક પરિવાર ના સાત સભ્યો વિરુદ્ધ લેડ ગ્રેવી ની ખોટી ફરિયાદ કરવામાં આવી હોય તથા ગામમાં અન્ય દબાણ દૂર કરવામાં ન આવતા હોય તેવી રાજકોટ જિલ્લા કલેકટરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી.

## બોગસ દસ્તાવેજ કૌભાંડનો ભોગ બનનાર અન્ય લોકો પણ ફરિયાદ સાથે કલેક્ટર સમક્ષ પહોંચ્યા: ચારેય ઝોનમાં રેવન્યુ અધિકારીઓને કામે લગાડ્યા

### બોગસ દસ્તાવેજ કૌભાંડમાં અંકોડા મેળવવા સિટી પ્રાંત-૧ને તપાસ સોંપાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના જૂની કલેક્ટર કચેરી કમ્પાઉન્ડમાં આવેલી સબ રજીસ્ટાર કચેરીના કર્મચારીઓએ એક થઈ બોગસ દસ્તાવેજ કૌભાંડ આચર્યુ હોવાનું ખુલવા પામતા ભારે ખળભળાટ મચી ગયો છે. આ પ્રકરણમાં એક આરોપી હાથ લાગ્યો છે. જ્યારે બે શખ્સો હજુ પણ પોલીસ પકડથી દૂર છે ત્યારે આ ઝોન સહિત અન્ય ચાર ઝોનમાં પણ કોઈ દસ્તાવેજ કૌભાંડ આચરવામાં આવ્યું નથી ને તે અંગેની ખરાઈ કરવા તાબડતોબ કલેક્ટરે સીટી પ્રાંતને તપાસ સોંપી છે. અને તેમણે ચારેય ઝોનની સબ રજીસ્ટ્રાર કચેરીમાં રેવન્યુ અધિકારીઓને તપાસમાં લગાડી દીધા છે.

પોલીસ કમિશ્નરશ્રીએ આ આખા પ્રકરણમાં સીટની રચના કરી હાઈલેવલ અધીકારીઓને તપાસ સોંપી છે, તો બીજી બાજુ ફરિયાદ કરનાર શ્રી વસાવા અને મામલતદાર ચાવડા બંને રેવન્યુના નિષ્ણાંત હોય તપાસે વેગ પકડયો છે. દરમિયાન આ બોગસ દસ્તાવેજ પ્રકરણમાં કલેકટર શ્રી પ્રભવ જોષી મેદાનમાં આવ્યા છે, અને તેમણે સંપૂર્ણ અને સર્વગ્રાહી તપાસ કરી રીપોર્ટ કરવા સીટી પ્રાંત-૧ ડો. ચાંદની પરમારને આદેશ કર્યો છે.

આ બાબતે કલેકટર શ્રી પ્રભવ જોષીએ જણાવ્યું હતું કે જે ૧૭ બોગસ દસ્તાવેજ પ્રકરણ બહાર આવ્યું છે, તે તમામ દસ્તાવેજ કે મોટા ભાગના દસ્તાવેજ સીટી પ્રાંત-૧ના વિસ્તારમાં થયા છે, આથી આ પ્રકરણમાં ખોટી બોગસ નોંધ, ગામ નમુના નં. ૭ અને નં. ૨ માં ફેરફાર હોય તો તે અન્ય બાબતો અંગે તપાસ કરી રીપોર્ટ આપવા અમે સીટી પ્રાંત-૧ને




સૂચના આપી છે. વધુમાં તેમણે જણાવ્યું જણાવ્યું હતું કે, આજે પણ અમૂક લોકો તેમની જમીનના બોગસ દસ્તાવેજ થઈ ગયા અંગે ફરિયાદ લઈને આવ્યા હતા, આ બાબતે પણ સીટી પ્રાંત- ૧ને આજે તપાસ સોંપી છે, અને આ પ્રકરણમાં ખોટી રીતે નોંધ પડી હોય તો તે રદ કરી અહેવાલ મોકલવા આદેશો કર્યા છે. કલેકટરે તપાસ સોંપ્યા બાદ સીટી પ્રાંત-૧ દ્વારા આજથી તપાસનો ધમધમાટ શરૂ થયો છે, અનેક નવા ધડાકા-ફણગા ફૂટશે તેમ ટોચના અધિકારી સૂત્રો ઉમેરી રહ્યા છે. રાજકોટની સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન-૧માં ૧૭ જેટલા બોગસ દસ્તાવેજ પ્રકરણમાં કલેકટરે આદેશો કરતા આજથી રાજકોટની ૪ સબ રજીસ્ટ્રાર કચેરી-૪-ઝોનમાં વિવિધ રેવન્યુ અધીકારીઓ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ થયો છે: ક્રાઈમ બ્રાંચ (પોલીસ) પણ આ બાબતે અંકોડા મેળવી રહી છે...હાલ રેવન્યુના અધિકારીઓએ અકળ મૌન સેવી લીધું છે.

## ગોપાલ નમકીનમાં પ્રોડક્શન અટકાવી દેવા આદેશ

### ઔદ્યોગિક સલામતી વિભાગની કચેરી તપાસ-કોર્યવાહી માટે એફ.એસ.એલ.ના રિપોર્ટની રાહ જોશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગોપાલ નમકીનમાં ગત સપ્તાહે આગ લાગી હતી. શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક કારણ બહાર આવ્યું છે. આ પ્રકરણમાં હવે ઔદ્યોગિક સલામતી વિભાગના અધિકારીએ તપાસમાં ઝંપલાવ્યું છે. જોકે ડિપાર્ટમેન્ટ એફ.એસ.એલ.ના રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરશે.તેમજ જ્યાં સુધી સ્ટ્રક્ચર સ્ટેબિલિટી સર્ટિફિકેટનો રિપોર્ટ ન આવે ત્યાં સુધી ગોપાલ નમકીનમાં પ્રોડક્શન અટકાવી દેવા માટે આદેશ કરવામાં આવ્યા છે. તેમ સૌરાષ્ટ્ર-કચ્છ ઔદ્યોગિક સલામતી કચેરી વિભાગના ડિરેક્ટર એન.આર.ચૌધરીએ જણાવ્યું છે.

વધુમાં તેના જણાવ્યાનુસાર સ્ટ્રક્ચર સ્ટેબિલિટી સર્ટિફિકેટનો રિપોર્ટ સબમિટ થયા બાદ ડિપાર્ટમેન્ટ આ રિપોર્ટ યોગ્ય છે કે નહિ તે અંગે તપાસ કરશે.રિપોર્ટ સબમિટ કરવા માટે કોઈ મર્યાદા હોતી નથી. નિયમ મુજબ સામાન્ય રીતે થર્ડ પાર્ટી દ્વારા આ રિપોર્ટ સબમિટ થતો હોય છે. રિપોર્ટ સબમિટ થયા બાદ ડિપાર્ટમેન્ટે આ રિપોર્ટમાં નીતિ- નિયમોનું પાલન કરવામાં આવ્યું છે કે નહીં તેની તપાસ કરશે. જોકે આની પહેલાં પણ ગોપાલ નમકીનમાં ફેક્ટરી એક્ટ મુજબની તપાસ કરવામાં આવી હતી, પરંતુ ક્યારે તપાસ કરાઈ હતી, તેમાં કોઈ ગેરરીતિ માલૂમ પડી હતી કે શું ? તે જાહેર કરવા અંગે ઔદ્યોગિક સલામતી કચેરીના ડિરેક્ટરે મૌન સેવી લીધું છે. સામાન્ય રીતે ફેક્ટરી એક્ટ મુજબ દરેક નાના-મોટા એકમોમાં નિયમિત તપાસ કરવામાં આવે છે.જ્યાં બેદરકારી માલૂમ પડે તેવા કેસમાં ૨ વર્ષની જેલની સજા અથવા તો રૂ.૧ લાખ સુધીનો દંડ અથવા તો બન્ને થતા હોય છે. રાજકોટના ઔદ્યોગિક એકમોમાં બુધવારે વીજકાપ હોવાને કારણે તે દિવસે મશીનરી અને કામકાજ બંધ રાખવામાં આવે છે. આથી,




મશીન વિભાગમાં કામ કરતાં કર્મચારીઓની રજા હોય છે, પરંતુ ગોપાલ નમકીનમાં આગ લાગી ત્યારે બુધવાર હતો અને કેટલાક કર્મચારીઓ કામ કરી રહ્યા હતા. આથી નિયમ મુજબ બુધવારના દિવસે ફેક્ટરી ચાલુ રાખી શકાય કે કેમ? તેના સવાલમાં ઔદ્યોગિક સલામતી કચેરીના અધિકારીએ જણાવ્યું હતું કે, ઘણીવાર ઔદ્યોગિક એકમો રજા માટે અલ્ટરનેટિવ દિવસ પસંદ કરતા હોય છે. ગોપાલ નમકીનમાં આગ લાગી તેના બે દિવસ પૂર્વે જ સીજીએસટી ડિપાર્ટમેન્ટે ટેક્સચોરી પ્રકરણમાં નોટિસ પાઠવી હતી. જેમાં રૂ.૧૩.૫૦ કરોડનો ટેક્સ ભરી દેવા માટે આદેશ કર્યો હતો. તેમજ સીજીએસટીની ટીમે આવક-જાવક અને ખરીદ-વેચાણના વ્યવહારો અંગે પણ તપાસ હાથ ધરી છે.જેમાં કેટલીક ખરીદી રોકડમાં હતી અને તેનો ખુલાસો માગવામાં આવ્યો છે. જો ટેક્સચોરી માલૂમ પડશે તો ટેક્સ અને પેનલ્ટી બન્નેની વસૂલાત કરાશે તેમ સીજીએસટીના અધિકારીએ જણાવ્યું છે.

## શાપરમાં દલિત યુવાનની હત્યા કેસમાં આરોપીને આજીવન કેદ

### ત્રણ વર્ષ પૂર્વે યુવાનની શાપરનાં પુલ નીચેથી હત્યા કરાયેલી લાશ મળી'તી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શાપરમાં રહેતાં દલિત યુવાનની હત્યામાં ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો જે કેસ ચાલી જતાં ગોંડલ સેશન્સ કોર્ટે એક આરોપીને તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજા ફટકારી હતી.

કેસની વિગત મુજબ ગત તા. ૨૧/૧૧/૨૦૨૧નાં શાપરમાં રહેતો નિલેશ દેવશીભાઈ સોંદરવા ઘરેથી નિકળી ગયા બાદ લાપતા બન્યો હતો દરમિયાન તેનો ભાઈ સાગર અવાર-નવાર તેને ફોન કરતો હતો પરંતુ નિલેશનો ફોન બંધ આવતો હતો દરમિયાન શાપરમાં પુલ નીચેથી નિલેશની લાશ મળી આવી હતી. જે બનાવ અંગે મૃતકનાં ભાઈ સાગર દેવશીભાઈ સોંદરવાએ શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં રાજેશ જોશી, ભયલી ઉર્ફે જીજ્ઞેશ અને ભરત ઉર્ફે ભુરા સામે ફરિયાદ નોંધાવી હતી જેમાં તેણે એવું જણાવ્યું હતું કે, અગાઉ કેશોદમાં તેના ભાઈને આરોપી સાથે ઝઘડો થયો હોય જે બાબતનું મનદુઃખ ચાલતું હતું તેમજ ફરિયાદીનો ભાઈ ગુમ થયો ત્યારે છેલ્લે રાજેશ જોશી સાથે જોવા મળ્યો હતો. જેથી આ અંગે શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં આરોપી રાજેશ જોશી તથા અન્ય આરોપીઓ ભરત ઉર્ફે ભુરો અને સોહિલ ઉર્ફે સોહિલા સામે આઈપીસીની કલમ ૩૦૨, એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો દાખલ થયો હતો અને પોલીસે ભયલી ઉર્ફે જીજ્ઞેશ સિવાયનાં ત્રણેય આરોપીઓની ધરપકડ કરી ગોંડલ સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી.

ચાર્જશીટ રજુ થયા બાદ ફરિયાદી સાગર સોંદરવાની જુબાની લેવામાં આવી હતી તથા સાહેદ જીજ્ઞેશગીરી ભુપતગીરી અને ડોકટરની જુબાની પણ લેવામાં આવી હતી આ ઉપરાંત સીઆરપીસી એકટનાં ૧૬૪ મુજબ નિવેદનો નોંધાયા હતા. સરકારી વકીલ ઘનશ્યામભાઈ ડોબરીયા દ્વારા રજુ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવાઓ અને તર્કબધ્ધ દલીલો તેમજ તપાસનીશ અધિકારી ડીવાયએસપી મહેશ રાવલની જુબાનીને ધ્યાને લઈ ગોંડલ સેશન્સ જજ એમ.એ.ભટ્ટીએ આરોપી ચિરાગ રાજેશભાઈ જોશીને આઈપીસીની કલમ ૩૦૨ હેઠળ તકસીરવાન ઠરાવી આજીવન કેદની - સજા ફટકારી હતી. આ કામમાં સરકાર પક્ષે સરકારી વકીલ ઘનશ્યામ કે.ડોબરીયાએ દલીલો કરી હતી.

## કિશાનપરા ચોકમાં વાહન ચેકિંગ દરમિયાન બબાલ, લાયસન્સ-પીયુસી વિના નીકળેલા યુવાને PIને કહ્યું મારી ગાડી છે, અહીંથી નહી હલે



રાજકોટમાં થર્ટી ફર્સ્ટ પૂર્વે પોલીસ એક્શન મોડમાં આવી ગઈ હોય તેમ દરરોજ રાત પડતા જ પોલીસ દ્વારા વાહન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે દરમિયાન રવિવારે સાંજે કિશાનપરા ચોકમાં ચેકિંગ દરમિયાન લાયસન્સ-પીયુસી વિના નીકળેલા યુવાને પીઆઈ સાથે ચડભડ કરી હતી સમગ્ર ઘટનાનો વિડીયો વાયરલ થયો હતો દંડ ભરવાની પણ ના પાડતા પોલીસે બાઈક ડીટેઈન કર્યુ હતું. રાજકોટના કિશાનપરા ચોકમાં રવિવારે સાંજે ટ્રાફિક શાખાના પીઆઈ વસાવા તેમની ટીમ સાથે વાહન ચેકિંગમાં હતા દરમિયાન એક યુવક બાઈક લઈને ત્યાંથી નીકળ્યો હતો તેને અટકાવી લાયસન્સ, પીયુસી સહિતના ડોક્યુમેન્ટ માંગતા બંને વચ્ચે રકજક થઈ હતી લાયસન્સ પોતાની પાસે નહી પણ ઘરે હોય અને જોવું હોય તો ચાલો સાથે બાઈકમાં બેસી જાવતેમ કહી ચડભડ કરી હતી જેથી પીઆઈએ ગાડી સાઈડમાં લેવાનું કહેતા યુવાને ગાડી અહીંથી નહી હલે, મારી ગાડી છે કહી દંડ પણ ભરવાની ના પાડી દેતા પીઆઈ વસાવા સહિતે બાઈક ડીટેઈન કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

## વાલ્મિકી વાડીના પરિણીત રીક્ષા ચાલકે પ્રેમપ્રકરણમાં કર્યો આપઘાતનો પ્રયાસ

જામનગર રોડ ઉપર આવેલ સાંઢિયા પુલ પાસે વાલ્મિકી વાડીમાં રહેતા યુવકે પ્રેમ પ્રકરણમાં ફિનાઈલ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર યુવકને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ જામનગર રોડ ઉપર સાંઢીયા પુલ પાસે આવેલ વાલ્મિકી વાડીમાં રહેતા અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા રવિ વિનોદભાઈ કબીરા નામનો ૨૯ વર્ષનો યુવાન સાંજના સાતેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો ત્યારે ફિનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછુ તેને સંતાનમાં બે પુત્ર છે રવિ કબીરાને - અન્ય યુવતી સાથે આંખ મળી જતા ડ બંને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો જે પ્રેમ પ્રકરણના કારણે રવિ કબીરાએ ફિનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અન્ય બનાવમાં કાલાવાડ રોડ ઉપર એકલવ્ય હાઉસિંગ સોસાયટીમાં રહેતા રસિક રાજેન્દ્રભાઈ લોહા નામના ૫૨ વર્ષના આધેડે માનસિક બીમારીના કારણે એસિડ પી લીધું હતું. જ્યારે મૂળ અમરેલી પંથકના વતની અને હાલ ૧૫૦ ફટ રીંગ રોડ ઉપર આવેલા ગૌતમે ( બુદ્ધનગરમાં રહેતા જેસીંગ મનુભાઈ સાગઠીયા નામના 30 વર્ષના યુવાને ગોંડલે ચોકડી પાસે કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી.વિષપાન કરનાર આધેડ અને યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## તેરા તુજકો અર્પણ અંતર્ગત ચોરીમાં ગયેલ રકમ પરત અપાવતી યુનિ.પોલીસ: દિવાળી પૂર્વે રૂ.૧૨.૬૩ લાખની રકમ ચોરી થતા પોલીસે ૧૦ લાખની રીકવરી કરી મૂળ માલિકને રકમ અપાવી

દિવાળીના તહેવાર પુર્વે ઘરની સાફ-સફાઈ સાથે ત્રણથી વધુ ઘરોમાં ચોરીનો અંજામ આપનાર ટોળકીને પોલીસે દબોચી લઈ રૂ.30 લાખની રકમ રીકવર કરી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો. બે મહિના પુર્વે સાધુવાસવાણી રોડ પર આવેલા કપોર સ્ટોનમાં રહેતા વેપારીના ઘરે સફાઈકામ કરવા આવેલી ટોળકીએ તેના ઘરમાંથી રૂ.૧૨.૬૩ લાખનો હાથફેરો કરી નાશી છુટયા હતા બનાવ અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી આધારે તપાસ હાથ ધરી સફાઈના નામે હાથફેરો ટોળકીને દબોચી લઈ પોલીસે રૂ. 30 લાખનો મુદામાલ રીકવર કરી કાર્યવાહી હાથ ધરી હતી. કાર્યવાહી પૂર્ણ થયા બાદ યુનિવર્સિટી પોલીસ દ્વારા તેરા તુજકો અપર્ણ અંતર્ગત ભોગ બનનાર પરિવારને રૂબરૂ પોલીસ મથકે બોલાવી પીઆઈ એચ.એન.પટેલ દ્વારા રીકવરી કરેલ રૂ.૧૦ લાખની રકમ પરત કરતા ભોગ બનનાર પરિવારે પોલીસનો આભાર વ્યકત કર્યો હતો.

## નિવૃત શિક્ષક પાસેથી વ્યાજખોરોએ ૧૦.૨૫ લાખની સામે ૨૩.૭૫ લાખ વસુલ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જેતપુરમાં અમરનગર રોડ પર રહેતા નિવૃત શિક્ષકે વ્યાજખોર પિતા-પુત્ર પાસેથી કટકે કટકે રૂપિયા વ્યાજની કુલ રૂ.૧૦.૨૫ લાખ લીધા હતા. અને તેના બદલામાં રૂ.૨૩.૭૫ લાખ ચૂકવી દીધા હોવા છતાં પિતા-પુત્ર પઠાણી-ઉઘરાણી કરતા હતા તેમજ શિક્ષકે અન્ય એક શખસ પાસેથી અઢી લાખ વ્યાજે લીધા હોય જેને ૯૭,૫૦૦ ચૂકવી દીધા બાદ પણ પઠાણી ઉઘરાણી કરતાં તેઓએ ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે. વિગતો મુજબ, જેતપુરમાં વેકરીયાનગરમાં રહેતા દિનેશકુમાર ધનજીભાઈ વાલાણી (ઉ.વ. ૬૦) નામના નિવૃત્ત શિક્ષકએ પોતાની ફરિયાદમાં આરોપીમાં અમરનગર રોડ પર રહેતા કૃણાલ વિજયભાઈ રાવલ તેના પિતા વિજય હર્ષદભાઈ રાવલ તથા ડોબરીયા વાડી વિસ્તારમાં રહેતા દિનેશ હર્ષદ રાવલનુ નામ આપતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪ના જાન્યુઆરી માસમાં તેમને ઘર ખર્ચ માટે પૈસાની જરૂર હોય જેથી કૃણાલ રાવલનો સંપર્ક કરી તેની પાસેથી રૂ.૫૦,૦૦૦ રોજનું ૧૦૦૦ વ્યાજ ચૂકવવાની શરતે વ્યાજે લીધા હતા.અને તેઓ વ્યાજના ચક્રમાં ફસાયા હતા. બે ત્રણ દિવસ વ્યાજની રકમ ભર્યા બાદ એક મહિનો પૂરો થઈ ગયો હોય પરંતુ ૫૦,૦૦૦ની વ્યવસ્થા થઈ શકે તેમ ન હોય વ્યાજ ચડતું જતું હતું અને આ વ્યાજની રકમ ચૂકવવા માટે પૈસાની જરૂરિયાત પડતા દિનેશકુમારે કૃણાલ પાસેથી કટકે કટકે પૈસા લેતા ગયા આમ કુલ રૂ.૫.૨૫ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. અને તેનું વ્યાજ ચુકવ્યા બાદ રકમ પૂરી ન થતાં કૃણાલના પિતા પાસેથી રૂ.૪.૫૦ લાખ વ્યાજે લીધા હતા. પરંતુ તેનું વ્યાજ સમયસર ન ચુકવાતા પિતા-પુત્રએ ઉઘરાણી શરૂ કરી હતી.જેથી તેને દિનેશ હર્ષદ રાવલ પાસેથી ૯૭,૫૦૦ વ્યાજે લીધા હતા. આમ નિવૃત શિક્ષકે કુલ રૂ.૧૦.૨૫ લાખ સામે રૂ.૨૩.૭૫ લાખ ચૂકવી દીધા હોવા છતાં આરોપીઓ ઉઘરાણી કરી ધમકીઓ આપતા હોવાથી અંતે ફરિયાદ નોંધાવી હતી.

## લગ્નપ્રસંગોમાં કપડા ભાડે આપતા વેપારીઓની મોટી કરચોરી પકડાઈ: ૧૫ કરોડના વ્યવહારોનો પર્દાફાશ

### ૪૩ વેપારીની ૬.૭૦ કરોડની ટેક્સચોરી તથા ૮.૫૦ કરોડની કર જવાબદારી પકડાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

લગ્નપ્રસંગો નવા-નવા ઈવેન્ટને કારણે લાંબો ચાલે છે અને અનેકવિધ પ્રસંગોમાં જુદા-જુદા ડ્રેસ પહેરવાના થતાં હોવાથી આવા કપડા ભાડે મેળવવાનો ટ્રેન્ડ વધી રહયો છે. કપડા ભાડે આપતા વેપારીઓ મોટી જીએસટી ચોરી કરતાં હોવાનું ધ્યાને આવતા તંત્ર દ્વારા રાજ્યવ્યાપી દરોડા પાડવામાં આવ્યા હતા અને તેમાં ૬.૭૦ કરોડની કરચોરી પકડી પાડવામાં આવી હતી.




જીએસટી વિભાગના સતાવાર સૂત્રોએ કહ્યું કે ગ્રાહકોને ડિઝાઈનર ડ્રેસ, સુટ તથા એસેસરીઝ સહિતના વસ્ત્રો ભાડે આપવાના વેપાર સાથે સંકળાયેલા ૪૩ વેપારીઓ પર રાજ્ય વ્યાપી દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સતત બે-ત્રણ દિવસ હિસાબી બાબતોની ઉંડી તપાસ કરવામાં આવી હતી અને તેમાં ૬.૭૦ કરોડથી વધુની કરચોરીનો પર્દાફાશ થયો હતો.રાજ્યના ૯ શહેરોમાં હાથ ધરાયેલા ઓપરેશન દરમ્યાન બિનહિસાબી વેચાણ તથા વેરાની ઓછી જવાબદારી દર્શાવવા સહિતની ગેરરીતિ પ્રકાશમાં આવી હતી. ૬.૭૦ કરોડની ટેક્સચોરી તથા ૮.૫૦ કરોડની ટેક્સ જવાબદારી પકડી પાડવામાં આવી હતી. વધુ તપાસમાં ટેક્સચોરી-જવાબદારીનો આંકડો વધી શકે છે.

લગ્ન સહિતના પ્રસંગોમાં કપડા ભાડે આપતા વેપારીઓ દ્વારા થતી ટેક્સ ચોરી અને તેના કારસ્તાનોથી વેરા વિભાગ પણ ચોંકી ઉઠ્યું હતું. સવારે બાતમીના આધારે સામુહિક દરોડા પાડવામાં આવ્યા હતા. રાજકોટ, રાજકોટ સહિતના શહેરોના વેપારીઓને નિશાન બનાવ્યા હતા.

## શહેરમાં વધુ બે લોકોના હદય ધબકારા ચુકી ગયા

### પુનિતનગરમાં ૯ માસની માસુમ બાળકીનું શ્વાસની બિમારી સબબ મોત



રાજકોટમાં સોની બજારમાં આવેલી સવજીભાઈની શેરીમાં રહેતા અને નાસ્તાની દુકાનમાં કામ કરતા રણજીત જયદેવભાઈ પુરકાઈન નામનો ૪૩ વર્ષનો યુવાન સાંજના પાંચેક વાગ્યાના સમયે પોતાના ઘરે હતો. ત્યારે હદયરોગનો હુમલો આવતા બેભાન હાલતમાં ઢળી પડયો હતો. યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક રણજીતભાઈ ત્રણ ભાઈ હતા અને તેમને સંતાનમાં બે દીકરી હોવાનું જાણવા મળ્યું છે. બીજા બનાવમાં જામનગર રોડ ઉપર નાગેશ્વરમાં આવેલા તીર્થ એપાર્ટમેન્ટમાં રહેતા ભાનુબેન રમેશભાઈ વ્યાસ નામના ૭૨ વર્ષના વૃદ્ધા પોતાના ઘરે હતા ત્યારે ઉલટી થતાની સાથે જ બેભાન હાલતમાં ઢળી પડયા હતા. વૃદ્ધાને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. ભાનુબેન વ્યાસનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત ત્રીજા બનાવમાં પુનિતનગરમાં આવેલ વૃંદાવન ગ્રીનમાં રહેતા પરિવારની ધાનાલીબેન યશવંતભાઈ લાખાણી નામની ૯ માસની માસુમ બાળકી સવારના સાડા પાંચેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતી. ત્યારે શ્વાસની બીમારી સબબ બેભાન હાલતમાં મોત નીપજ્યું હતું. માસુમ બાળકીના મોતથી પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.